**તેજી હોય કે પછી મંદી,**

બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો
તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ
કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે
અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક

ધી ઇકોનોમિક રેવલ્યૂશન

**ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ**

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in

email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi



**Nirmal Metro Daily, Ahmedabad**

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા
આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું
ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ
ઈ મેઈલમાં મોકલવામાં આવે છે

# નિર્મલ મેટ્રો

NIRMAL METRO

Monday
09.07.2018
Year 06, Issue 170

દૈનિક

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

● વર્ષ : ૬ ● અંક : ૧૭૦ ● તા.૦૯.૦૭.૨૦૧૮ સોમવાર ● જેઠ વદ ૧૧ ● સં. ૨૦૭૪ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●


### જેડીયુની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં લેવાયો મહત્વપૂર્ણ નિર્ણય

# મીશન ૨૦૧૯ : ભાજપ સાથે જેડીયુ ગઠબંધન રાખવા સંમત

## બેઠકોની વહેંચણીને લઈને કોઈ સહમતિ નહીં થઈ હોવા છતાં બંને પાર્ટી એક સાથે લડવા ઈચ્છુક : એક દેશ એક ચૂંટણીના મુદ્દા ઉપર ચૂંટણી લડવા નિર્ણય

એજન્સી દ્વારા

નવીદિલ્હી, તા. ૮

બિહારમાં બેઠકોની વહેંચણીને લઈને ચાલી રહેલી ખેંચતાણનો આખરે અંત આવી ગયો છે. આજે નવી દિલ્હીમાં જેડીયુની રાષ્ટ્રીય કારોબારીની બેઠક મળી હતી. જેમાં મોટાભાગે ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, ૨૦૧૯માં ભાજપની સાથે ગઠબંધન જારી રહેશે. જેડીયુએ આ જાહેરાત કરીને રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી અટકળોનો અંત આણી દીધો છે. મતભેદો હજુ અકબંધ રહ્યા છે પરંતુ બંને પાર્ટી સાથે મળીને ચૂંટણી લડશે. ૨૦૧૯માં યોજાનારી ચૂંટણીને લઈને બેઠકોની વહેંચણીને લઈને હજુ સમજૂતિ સાધી શકાય નથી. પાર્ટી નેતાઓનું કહેવું છે કે, ૨૦૦૯ની ફોર્મ્યુલા ઉપર કોઈપણ પ્રકારની સહમતિ સધાઈ તેવી શક્યતા ઓછી છે પરંતુ પાર્ટીને સન્માનજનક સીટો આપવામાં આવશે. બેઠકમાં એક દેશ એક ચૂંટણીના મુદ્દા ઉપર ભાજપનું જેડીયુ સમર્થન કરશે. જેડીયુએ નાગરિક સુધારા બિલના મુદ્દા ઉપર સંસદની અંદર ભાજપનો વિરોધ કરવાનો નિર્ણય પણ કર્યો છે. જેડીયુ રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં મુખ્યમંત્રી નીતિશકુમાર વિશેષરીતે ઉપસ્થિત રહ્યા હતા. પાર્ટીના નેતા અને મુખ્યમંત્રીને પાર્ટીના હિતમાં કોઈપણ મોટા નિર્ણય લેવાની સત્તા સોંપવામાં આવી હતી. બેઠકમાં આ અંગેનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. ભાજપ પ્રમુખ અમિત શાહ આગામી સપ્તાહમાં બિહાર પહોંચી રહ્યા છે. આ ગાળા



દરમિયાન તેઓ પાર્ટીના નેતાઓ અને કાર્યકરો સાથે વાતચીત કરશે. તે ગાળા દરમિયાન તેઓ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારને પણ મળશે. બંને નેતાઓની બેઠકમાં સીટોની વહેંચણીને લઈને કોઈ જાહેરાત કરવામાં આવી શકે છે. બિહારના નેતા અને કેન્દ્રીયમંત્રી ગિરીરાજ સિંહે પ્રતિક્રિયા આપી હતી.

ગિરીરાજસિંહે શનિવારના દિવસે જ બિહારમાં રમખાણના આરોપીઓની મુલાકાત દરમિયાન બિહાર સરકાર ઉપર હિન્દુ લોકોને દબાવવાના પ્રયાસ કરવાનો આક્ષેપ કર્યો હતો. જે રીતે ભાજપના નેતાઓને ફસાવવામાં આવ્યા છે તે કમનસીબ હોવાની વાત ગિરીરાજે કરી હતી. ભાજપ અને જેડીયુ વચ્ચે બેઠકોને લઈને સહમતિ થઈ રહી છે ત્યારે તમામની નજર હવે લોકજનશક્તિ પાર્ટીના પગલા ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે. કેન્દ્રીયમંત્રી રામવિલાસ પાસવાને પોતે કહ્યું છે કે, સત્તારુઢ ગઠબંધન એક સાથે છે. તેમના પુત્ર ચિરાગ પાસવાને ભાજપ માટે ચિંતાનો સંકેત આપીને આરજેડી નેતા તેજસ્વી યાદવની સાથે મળીને કામ કરવાની શક્યતાને નકારી નથી. ચિરાગે તેજસ્વી સાથે જવાનો સંકેત આપતા કહ્યું હતું કે, રાજનીતિમાં તમામ બાબતો શક્ય રહેલી છે. ભવિષ્યમાં બંને નેતા સાતે મળીને કામ કરે તો કોઈ નવાઈ રહેશે નહીં. જો કે, રામવિલાસ પાસવાને આ પ્રકારની શક્યતાઓને ફગાવી દીધી છે. ગઠબંધન ઉપર સહમતિની વાત દેખાઈ રહી છે પરંતુ અન્ય મુદ્દાઓ ઉપર વિખવાદની સ્થિતિ છે. આજે બિહારમાંથી ભાજપના સાંસદ ગોપાલ નારાયણ સિંહે ગિરીરાજના નિવેદનને ટેકો આપ્યો હતો.



ગિબ્સ નામની કંપનીએ એવી બાઈક તૈયાર કરી છે કે જે જમીન પર તો ચાલશે, પરંતુ પાણી પર પણ ,ચાલી શકશે. આ અનન્ય બાઈકને બિસ્કી અથવા બિસ્કી નામ આપવામાં આવ્યું છે. આ સિંગલ સીટર બાઈક છે જેનો અર્થ એ છે કે ફક્ત એક જ વ્યક્તિ બેસી શકે છે અને તેના પર સવારી કરી શકે છે. તે એક ખાસ પ્રકારનું ટુ-વ્હીલર છે, જે, એક બટન દબાવીને, તેને જેટ સ્કીમાં ફેરવીને પાણી પર ચાલે છે.

બિસ્કી સુપરબાઈક તકનિકી તદ્દન અદ્યતન છે. તે ૨.૩ મીટર લાંબી અને એક મીટર પહોળી છે. તે મુખ્યત્વે ડ્રાઈવિંગની મઝા લેવા માટે રચાયેલ છે. આ બાઈક તેના વ્હીલ્સને ફક્ત ૫ સેકંડમાં જ બદલી દે છે. આ પછી, તે પાણીમાં ચલાવી શકાય છે. આ ઉપરાંત, તે માત્ર ૩ સેકન્ડોમાં પાણીવાળા મોડમાંથી રોડ વાળા મોડમાં આવી જાય છે. બિસ્કી બાઈકની રસ્તા પરની ટોચની ઝડપ પ્રતિ કલાક ૧૪૦ કિલોમીટર છે. તેમજ તે ૬૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપ સાથે પાણીમાં ચાલે છે. તે ૨ સિલિન્ડર પેટ્રોલ એન્જિનથી સજ્જ છે જે ૫૫ બીએચપીની શક્તિ પેદા કરે છે. આ બાઈકમાં ખાસ સસ્પેન્શન પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. હાઈડ્રોલિક ડિસ્ક બ્રેક્સ તેના આગળ અને પાછળની વ્હીલ્સમાં આપવામાં આવે છે. તેનો વ્હીલબેઝ ૧૯૮૦ મીમી છે અને ગ્રાઉન્ડ કલીયરન્સ ૧૫૦ એમએમ છે. તેનું વજન માત્ર ૩૪૮ કિલોગ્રામ છે.

### જમ્મુ-શ્રીનગર હાઈવે પર ટ્રાફિક રોકવાની ફરજ

# કટ્ટરપંથીના બંધ વચ્ચે હજારો અમરનાથ શ્રદ્ધાળુ ફસાયા છે

## કટ્ટરપંથી દ્વારા બંધના એલાનને ધ્યાનમાં લઈ સાવચેતીના પગલારુપે યાત્રા રોકી દેવાઈ : વધુ એક યાત્રીનું મોત થયું



એજન્સી દ્વારા

શ્રીનગર,તા. ૮

કાશ્મીરને સમગ્ર દેશ સાથે જોડતા જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર ટ્રાફિકને રોકી દેવામાં આવતા હજારોની સંખ્યામાં અમરનાથ શ્રદ્ધાળુઓ અટવાઈ પડ્યા છે. અમરનાથ શ્રદ્ધાળુઓમાં મોટી સંખ્યામાં મહિલાઓ પણ રહેલી છે. જુદી જુદી બસમાં આ તમામ મહિલા શ્રદ્ધાળુઓ છે. જમ્મુ ક્ષેત્રમાં સિમાંત જિલ્લાઓ પૂંચ અને રાજૌરીને દક્ષિણ કાશ્મીરના સોપિયન જિલ્લાથી જોડનાર મુગલ રોડ ઉપર અધિકારીઓએ આજે સાવચેતીના પગલારુપે ટ્રાફિક રોકી દેવાનો નિર્ણય કર્યો હતો. હિઝબુલ મુઝાહિદ્દીનના ત્રાસવાદી બુરહાનવાનીની બીજી વરસી ઉપર કટ્ટરપંથીઓએ આજે બંધનું એલાન આપ્યું હતું જેના પરિણામ સ્વરુપે પોલીસ મહાનિર્દેશક એસપી વૈદ્ય દ્વારા અમરનાથ યાત્રાને એક દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય ગઈકાલે જ લઈ લીધો હતો. કોઈપણ યાત્રીને ભગવતીનગર બેઝકેમ્પથ નિકળવાની મંજુરી આપવામાં આવી નથી. જે શ્રીનગર પહોંચી ચુક્યા છે અને કાશ્મીરના રસ્તા પર છે તેમને જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર જુદા જુદા સ્થળો ઉપર રોકી દેવામાં આવ્યા છે. બુરહાનની બીજી વરસી પર કટ્ટરપંથીઓ દ્વારા બંધનું એલાન કરવામાં આવ્યા બાદ સુરક્ષા મજબૂત રાખવામાં આવી હતી. રામબાણના પોલીસ કર્મીએ કહ્યું છે કે, ગઈકાલે પણ બે હજાર શ્રદ્ધાળુઓને રોકી દેવામાં આવ્યા હતા. ગંદરબાલ જિલ્લામાં અમરનાથ યાત્રાના બાલતાલ આધાર કેન્દ્રમાં એક મહિલા શ્રદ્ધાળુનું મોત થઈ ગયું છે. આની સાથે જ આ વર્ષે અમરનાથ યાત્રામાં ૧૩ શ્રદ્ધાળુના મોત થઈ ચુક્યા છે. હૈદરાબાદની મહિલા લક્ષ્મીબાઈનું બાલતાલ આધાર કેન્દ્રમાં મોત થયું છે. ભારે વરસાદ અને ખરાબ હવામાન વચ્ચે બે બેઝ કેમ્પ સહિત જુદા જુદા માર્ગો અને સ્થળ પર ૩૦ હજારથી વધારે શ્રદ્ધાળુઓ હાલમાં અટવાઈ પડ્યા છે. અમરનાથ યાત્રા શરૂ થયા બાદથી હજુ સુધી ૭૩ હજાર શ્રદ્ધાળુઓ દર્શન કરી શક્યા છે. દર્શન કરનાર શ્રદ્ધાળુઓની સંખ્યા ૭૩૦૨૩ નોંધાઈ છે.જમ્મુ કાશ્મીરમા ખરાબ હવામાનના કારણે અમરનાથ યાત્રા ઉપર પ્રતિકુળ અસર થઈ છે. અમરનાથ ગુફા તરફ દોરી જતાં બાલતાલ માર્ગ ઉપર ભારે વરસાદના લીધે હાલત કફોડી બનેલી છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે બાલતાલ કેમ્પથી ૧૪ કિલોમીટરના અંતરને પાર કરવાની બાબત હમેશા પડકારરુપ રહે છે.

૨૮મી જૂનના દિવસે અમરનાથ યાત્રાની શરૂઆત થઈ હતી. ત્યારબાદથી સતત વરસાદ થવાના કારણે યાત્રામાં વારંવાર અડચણો આવી રહી છે. ૩૦મી જૂનના દિવસે દિવસ દરમિયાન યાત્રાને રોકવામાં આવી હતી. બે મહિના સુધી ચાલનાર આ યાત્રામાં બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ નોંધણી કરાવી ચુક્યા છે. ૨૬મી ઓગસ્ટના દિવસે અમરનાથ યાત્રા પૂર્ણ થનાર છે. આ વખતે આતંકવાદી હુમલાની દહેશતને ધ્યાનમાં લઈને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સુરક્ષા જવાનોને પણ શ્રદ્ધાળુઓની સાથે રાખવામાં આવ્યા છે. અમરનાથ યાત્રામાં હજુ સુધી જુદા જુદા કારણોસર કુલ ૧૩ના મોત થયા છે. આ વખતે અન્ય વર્ષોની સરખામણીમાં વધારે સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે.અમરનાથ યાત્રીઓની સંખ્યામાં પહેલાની સરખામણીમાં વધારો થાય તે માટે આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે ગંભીરરીતે ધ્યાન આપી રહ્યા છે. બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહેલાથી જ નોંધણી કરાવી ચુક્યા છે.

### મોદી વિકાસની કામગીરીને લઈને કટિબદ્ધ : નકવી

# ૩૫ ટકા લઘુમતિ સમુદાયના લોકોના મતો ભાજપને મળશે

## મોદી સત્તા પર આવ્યા બાદથી કોઈ રમખાણો થયા નથી



એજન્સી દ્વારા

નવીદિલ્હી, તા. ૮

કેન્દ્રીયમંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ આજે દાવો કર્યો હતો કે, લઘુમતિ સમુદાયના લોકોમાં દહેશત ફેલાવવા માટેની વિરોધ પક્ષની ઝુંબેશને અંત આવી ગયો છે. તેમણે દાવો કર્યો હતો કે, ૩૦થી ૩૫ ટકા લઘુમતિ લોકો ભાજપ માટે મત આપનાર છે. નકવીએ કહ્યું હતું કે, ૨૦૧૪માં સત્તા ઉપર આવેલા ભાજપે શાનદાર કામગીરી કરીને તમામ સમુદાયના લોકોનો વિશ્વાસ જીતવામાં સફળતા મેળવી છે. નકવીએ વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે, મુસ્લિમ સહિત ૩૫ ટકા લઘુમતિ લોકો ૨૦૧૯માં ભાજપને મત આપશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, એનડીએ સરકારે લઘુમતિઓના વિકાસ માટે વ્યાપક કામ કર્યું છે. આ સમુદાયના લોકોમાં પણ એવી ભાવના છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિકાસના માર્ગ ઉપર આગળ વધી રહ્યા છે. એક મુલાકાતમાં લઘુમતિ બાબતોના મંત્રી નકવીએ કહ્યું હતુ કે, ૨૦૧૪માં જ્યારે ભારતીય જનતા પાર્ટી પ્રચંડ બહુમતિ સાથે ચૂંટાઈને આવી ત્યારે વિરોધ પક્ષોએ લઘુમતિ સમુદાયના લોકોમાં દહેશત ફેલાવવાના પ્રયાસો કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, અમે એમ કહી શકીએ નહીં કે, વિરોધ પક્ષોની સ્થિતિ એક ચિંતાજનક બનેલી છે. નકવીએ ઉમેર્યું હતું કે, ૨૦૧૪ની ચૂંટણીમાં લઘુમતિ સમુદાય તરફથી ૧૮થી ૨૦ ટકા લોકોએ મોદીને મત આપ્યા હતા પરંતુ આ વખતની ચૂંટણીમાં ૩૫ ટકા સુધી લોકો મોદીને મત આપશે. તેમણે એવો દાવો પણ કર્યો હતો કે, ૨૦૧૪માં કેન્દ્રમાં મોદી સરકાર આવ્યા બાદથી દેશમાં કોઈ જગ્યાએ કોઈ મોટા કોમી તોફાનો થયા નથી. મોદી સરકાર આવ્યા બાદ કાશ્મીરની બહાર કોઈ મોટા આતંકવાદી હુમલા પણ થઈ શક્યા નથી. અથવા તો કોઈ કોમી રમખાણો પણ થઈ શક્યા નથી. અગાઉની યુપીએ સરકારના ગાળા દરમિયાન દેશના જુદા જુદા ભાગોમાં વ્યાપક હુમલા થયા હતા. નકવીએ સરકારની યોજનાઓ અંગે વાત કરી હતી.

### પૂર્વ નાણાં મંત્રી

# ચિદમ્બરમના ઘેર ચોરી, હીરાના ઘરેણાં-કેશ ગાયબ



એજન્સી દ્વારાચેન્નાઈ,તા.૮

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને પૂર્વ નાણાંમંત્રી પી. ચિદંબરમના તામિલનાડૂના ઘરમાં લૂંટની થઈ છે.

ડાયમંડ જ્વેલરી સાથે ૧.૧૦ લાખ લૂંટીને ચોર ફરાર થયા છે. ચિદમ્બરમે આ મામલે નુંગમબક્કમ પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાઈ છે.

થોડા સમય પહેલા જ ચિદંબરમના સગાવા શિવમુર્તિની હત્યા કરી દેવામાં આવી હતી. ૪૭ વર્ષના શિવમુર્તિ ગારમેન્ટના એક્સપોર્ટર હતા. ૨૪ જૂનના રોજ તે ગાયબ થઈ ગયા હતા બાદમાં બીજા દિવસે પરિવારજનોએ તિરૂપર પોલીસ સ્ટેશનમાં ગાયબ થયા હોવાની ફરિયાદ નોંધાવી હતી.

# લોકસભા અને વિધાનસભા ચૂંટણી એક સાથે કરાવવા મોદીને ૪ પક્ષનો સાથ

## સપા સહિત જેડીયુ, ટીડીપી અને ટીઆરએસે સમર્થન આપ્યું તો તૃણમૂળ કોંગ્રેસ, અન્નાદ્રુમક, ગોવા ફોરવર્ડ પાર્ટી અને ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટીએ પ્રસ્તાવનો વિરોધ કર્યો

**એજન્સી દ્વારા નવીદિલ્હી**

સમાજવાદી પાર્ટી અને તેલંગાણા રાષ્ટ્રીય સમિતિએ રવિવારે લોકસભા અને વિધાનસભા ચૂંટણી એક સાથે કરાવવાના વિચારને સમર્થન આપ્યું છે. સપાના રાજ્યસભાના સાંસદ રામગોપાલ યાદવે એક રાષ્ટ્ર- એક ચૂંટણીના પ્રસ્તાવને સમર્થન આપતાં કહ્યું કે, આ વાતની શરૂઆત ૨૦૧૯થી જ થવી જોઈએ. રવિવારે લો કમિશનની બેઠકમાં સપા સહિત જેડીયુ, ટીડીપી અને ટીઆરએસે સમર્થન આપ્યું છે.

જો કે ટીડીપીએ બેલેટ પેપરથી ચૂંટણી કરાવવાની માગ કરી છે.સમાજવાદી પાર્ટીના રાજ્યસભાના સાંસદ રામગોપાલ યાદવે કહ્યું કે,અમે એક સાથે ચૂંટણી કરાવવાના પક્ષમાં છીએ. લોકસભા કે વિધાનસભામાં ખંડિત જનાદેશ આવવાથી સર્વસહમતીથી સરકાર બનાવવામાં આવે. તે માટે ધારાસભ્યો અને સાંસદો પાસેથી શપથ પત્ર લેવું પડશે કે સરકારનો કાર્યકાળ પૂર્ણ ન થાય ત્યાં સુધી સાથે મળીને કામ કરે જો કોઈ જનપ્રતિનિધિ પક્ષપલટો કરે કે ખરીદ વેચાણમાં સામેલ હોય તો લો કમીશન અઠવાડીયાની અંદર તેના વિરૂદ્ધ કાર્યવાહી કરે. જો સરકાર ત્રણ વર્ષની અંદર પડી જાય અને બીજી વખત સરકાર બનાવવાની કોઈ શક્યતા નથી તો બે વર્ષ માટે ચૂંટણી કરાવવામાં આવે.ચંદ્રબાબૂ નાયડૂની પાર્ટી ટીડીપીએ કહ્યું કે, એક સાથે ચૂંટણી કરાવવા માટે મોટી સંખ્યામાં વીવીપીએટની જરૂરિયાત છે. ચૂંટણી પંચ આટલા મશીનો ભેગા ન કરી શકે, એટલે અમારી સલાહ એ છે કે ચૂંટણીમાં બેલેટ પેપરનો ઉપયોગ કરવામાં આવે. જ્યાં સુધી આંધ્રપ્રદેશનો સવાલ છે રાજ્યમાં એક સાથે જ ચૂંટણી થાય છે. જો ચૂંટણી ૨૦૧૯માં થઈ તો તેમાં કોઈ સુધારાની જરૂરિયાત નથી.તો ચંદ્રશેખર રાવના પક્ષ ટીઆરએસે કહ્યુ કે,લોકસભા અને વિધાનસભા ચૂંટણી એક સાથે થવાથી સમય અને ધનનો વ્યય નહીં થાય. કેન્દ્ર અને રાજ્યમાં સરકાર પૂરા પાંચ વર્ષ સાથે મળીને કામ કરી શકશે.તૃણમૂળ કોંગ્રેસ, અન્નાદ્રુમક, ગોવા ફોરવર્ડ પાર્ટી અને ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટીએ પ્રસ્તાવનો વિરોધ કર્યો અને કહ્યું કે આ બંધારણ વિરૂદ્ધનું છે. અને ક્ષેત્રીય હિતો પર તેનાથી પ્રતિકૂળ પ્રભાવ પડશે.તો ડીએમકેએ પણ લોકસભા અને વિધાનસભા ચૂંટણી એક સાથે કરાવવાના વિચારને બંધારણના મૂળ સિદ્ધાંતો વિરૂદ્ધ ગણાવતાં તેનો વિરોધ કર્યો છે.

# સુપર સોનિક બ્રહ્મોસ મિસાઈલના લાઈફ એક્સટેન્સનનો ટેસ્ટ કરાશે

## પર્વતમાળાઓ ઉપર બંકરમાં છૂપાયેલા દૂશ્મનના ટાર્ગેટ ઉપર પ્રહાર કરવાની એડવાન્સ બ્રહ્મોસ મિસાઈલ ડેવલપ કરવામાં આવશે

**એજન્સી દ્વારા વડોદરા**

આગામી વર્ષે પર્વતમાળાઓ ઉપર બંકરમાં છૂપાયેલા દૂશ્મનના ટાર્ગેટ ઉપર પ્રહાર કરવાની એડવાન્સ બ્રહ્મોસ મિસાઈલ ડેવલપ કરવામાં આવશે.

સુપર સોનિક બ્રહ્મોસ મિસાઈલના લાઈફ એક્સટેન્સન ટેસ્ટનો આગામી સપ્તાહમાં ઓરિસ્સાની ચાંદીપુર રેન્જ ખાતેથી ટેસ્ટ કરવામાં આવશે અગાઉ ગત મે માસમાં કરાયેલા ૨ સફળ ટેસ્ટ બાદ વધુ એક ટેસ્ટ થશે. નવેમ્બર માસમાં મિસાઈલ એરફોર્સમાં ઉપયોગમાં લેવાશે તેમ બ્રહ્મોસ એરોસ્પેસના એમડી ડો.સુધીર મિશ્રાએ આજે જણાવ્યું હતું.વડોદરાના રણોલી ખાતે એલ એન્ડ ટી ડિફેન્સના પ્લાન્ટ ખાતે બ્રહ્મોસ ટ્રાન્સપોર્ટ લોંચ કેનિસ્ટરની ૨જી પ્રોડકશન લાઈનના ઉદ્ઘાટન સમારંભ વખતે આ બાબત જણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, દર મહિના પાંચ કેનિસ્ટરનું અહીં ઉત્પાદન થાય છે. જે મિસાઈલ માટે કેનિસ્ટર બે પ્રકારે ઉપયોગી છે. જે સ્ટોરેજ કમ ટ્રાન્સપોર્ટ અને લોંચ કરવા માટે કન્ટેઈનર પ્રદાન કરે છે. મિસાઈલમાં ૭૨ ટકા ભાગ ભારતીય છે.

જે આગામી સમયમાં ૮૫ ટકા સુધી લઈ જવાનો લક્ષ્યાંક છે. મલ્ટિપલ ટાર્ગેટ ઉપર મિસાઈલથી પ્રહાર કરવામાં સફળતા મળી છે.જેમાં ૩૦ મીટર, ૨૦ મીટર સુધી સફળતા મળી છે. બીજી તરફ મિસાઈલની પ્રહાર રેંજ ૩૦૦ કિ.મી.સુધીની છે તે હવે આગળ લઈ જવાશે.પાકિસ્તાનનું નામ લીધા વિના ડો.સુધીર મિશ્રાએ જણાવ્યું હતું કે, બ્રહ્મોસની એડવાન્સ મિસાઈલ હવે વિટકલ ડાઈવ ૧૪ કિમી ઉંચે જઈને મારી શકાય તેવું પરિક્ષણ થશે. અગાઉ ૬૫ ડિગ્રી સ્ટીપ ડાઈવ બાદ ૯૦ ડિગ્રી સ્ટીપ ડાઈવનું સફળતા પૂર્વક પરીક્ષણ કરાયું છે. હવે આ મિસાઈલ પરીક્ષણ ૨૦૧૯માં થશે. કાશ્મીરની પર્વત માળાઓ ઉપર હાલમાં પાક. દુશ્મનો અને ત્રાસવાદીઓ છૂપાઈને ભારતીય લશ્કર ઉપર હુમલા કરે છે ત્યારે તેમને શોધી કાઢીને તેમનો સફાયો કરવામાં બ્રહ્મોસ મિસાઈલ મદદરૂપ થશે.

# નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

આઝાદી મળ્યા પછીના ૫૦ વર્ષ દરમિયાન ભારતની વસ્તી ૩૬ કરોડમાંથી વધીને ૧૦૦ કરોડ જેટલી થઈ ગઈ છે. વસ્તીવધારાને લીધે આપણા દેશમાં અનેક ગંભીર સમસ્યાઓ સર્જાઈ છે. વધતી વસ્તીને વસાવવા માટે વધુ જમીનની જરૂર પડી છે. આ જમીન ઉપરથી વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવ્યું છે. એ ઉપરાંત હવા, પાણી અને અવાજનું પ્રદૂષણ પણ ભયજનક હદે વધ્યું છે. આ ભયજનક પ્રદૂષણને નાથવાના આપણા દેશમાં અનેક ઉપાયો થઈ રહ્યા છે. જેમાંથી એક મહત્વનો ઉપાય છે વૃક્ષારોપણ.વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મૂળિયાં અને પર્ણો ઔષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા-પતરાળાં બનાવવાના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓ વિશ્રામ કરે છે. વળી વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજ્જડ લાગે છે.આપણા દેશમાં થોડા વર્ષો પૂર્વે ગાઢ જંગલો આવેલાં હતાં. એ જંગલોમાં અનેક હિંસક પશુઓ વસવાટ કરતાં. જંગલોથી પશુઓનું અને પશુઓથી જંગલોનું રક્ષણ થતું. વાતાવરણમાં ઠંડક રહેતી. હવા શુદ્ધ રહેતી. પુષ્કળ વરસાદને કારણે વૃક્ષોમાં વધારો થતો. પરંતુ વસ્તીનો સતત વધારો થતાં રહેઠાણ માટેનાં મકાનો, નિશાળો, કારખાનાં, સડકો, રેલમાર્ગ વગેરે બનાવવા માટે જમીનની જરૂરિયાત ઊભી થઈ. વળી બળતણ માટે અને ઘરનું રાચરચીલું બનાવવા માટે પણ લાકડાની જરૂર પડી. આથી આડેધડ જંગલો કપાતાં ગયાં. પરિણામે જંગલોનો વિસ્તાર ઘટતો ગયો. માનવીએ પોતાની વધતી જરૂરિયાતને કારણે આડેધડ માનવવસાહતો સ્થાપી. આને કારણે ખેતીલાયક જમીન પણ ઓછી થવા લાગી. બીજી બાજુ જેટલાં વૃક્ષો કપાયાં, તેટલા પ્રમાણમાં નવાં વૃક્ષો ઉગાડવામાં આવ્યાં નહિ. પરિણામે વન્સ્પતિ ઘટતાં વરસાદનું પ્રમાણ સતત ઘટતું રહ્યું અને ભૂગર્ભજળનું સ્તર સતત નીચું ઊતરતું ગયું.રહી રહીને હવે આપણને વૃક્ષોનું મહત્વ સમજાવા લાગ્યું છે અને વસ્તીવિસ્ફોટ પર અંકુશ રાખવાનો પણ ખ્યાલ આવ્યો છે. આથી આપણે કેટલાંક સૂત્રો પ્રચલિત કર્યાં છે : 'વૃક્ષો વાવો, જીવન બચાવો', 'વૃક્ષ જતન, આબાદ વતન', 'એક બાળ, એક ઝાડ', વગેરે. આ બધાં સૂત્રોમાં વૃક્ષોનો મહિમા સૂચવાયો છે. ૫મી જૂન 'વિશ્વ પર્યાવરણદિન' તરીકે ઊજવાય છે. તે દિવસે વૃક્ષો અને પર્યાવરણના રક્ષણ માટેના ઉપાયોની ચર્ચા-વિચારણા થાય છે. તેમાં વૃક્ષારોપણને ખૂબ મહત્વ આપવામાં આવે છે.આપણા દેશમાં વનમહોત્સવ ઊજવાય છે. તે નિમિત્તે ખુલ્લી જગ્યામાં, રસ્તાની બંને બાજુએ, નિશાળોમાં અને પડતર જમીનમાં વૃક્ષો વાવવામાં આવે છે અને તેનું જતન કરવાનો સંકલ્પ કરવામાં આવે છે. આવા કાર્યક્રમોમાં બાળકોને મોટા પ્રમાણમાં જોડી દરેક બાળકને એક-એક વૃક્ષ વાવવાનું પ્રોત્સાહન આપવું તે ખૂબ જ ઉપયોગી નીવડી શકે. આથી વૃક્ષોની સંખ્યામાં વધારો કરી સૃષ્ટિસૌંદર્યમાં વધારો કરી શકાશે. વળી હવા, પાણી અને અવાજના વધતા જતા પ્રદૂષણના જટિલ પ્રશ્નનું નિરાકરણ પણ કરી શકાશે. દરેક બાળકને પ્રોત્સાહન આપી આપણે વૃક્ષોની સંખ્યા વધારતા જઈએ તો તે સમગ્ર માનવજાતિ માટે સૌથી ઉમદા કાર્ય બની રહેશે. આમ થવાથી પ્રદૂષણનું પ્રમાણ ઘટાડી વાતાવરણ સુધારી શકાશે. આપણે નિશ્ચય કરીએ કે, દરેક બાળક દર વર્ષે, એક-એક વૃક્ષ તો ઉગાડે જ.

# વ્હોટ્સએપ દ્વારા મંચ પર નકલી સમાચારો ફેલાવનારને વખોડી કાઢ્યા: તેને રોકવા માટે શ્રેણીબદ્ધ પહેલો શરૂ કરી

આ ભગીરથ કામમાં સરકાર, નાગરી સમાજ અને ટેકનોલોજી કંપનીઓએ ભાગીદારીમાં એકત્ર કામ કરવાની જરૂર પર ભાર આપવામાં આવ્યો.

ભારતમાં વ્હોટ્સએપ, ફેસબુકની માલિકીના મેસેજિંગ એપ્લિકેશને હિંસા અને મારઝૂડનાં બદનસીબ કૃત્યો ફાટી નીકળે એવા બેજવાબદારીભર્યા અને વિસ્ફોટક સંદેશાઓ તેમના મંચ પર ફેલાવનારને રોકવા માટે પગલાં લેવાનાં ભારત સરકારના નિર્દેશને પ્રતિસાદ આપ્યો છે. તારીખ ૩ જુલાઈ, ૨૦૧૮ના રોજ ઈલેક્ટ્રોનિક અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી (એમઈઆઈટીવાય) મંત્રાલયને લખેલા પત્રમાં તેણે એપ્લિકેશન પર સુસંગત વિશિષ્ટતાઓ રજૂ કરીને દેશમાં આ મંચનો દુરુપયોગ રોકવા માટે અમલ કરવાનાં અનેક પગલાં આલેખિત કર્યાં છે.

વ્હોટ્સએપ લોકોની સુરક્ષા અને તેમની મુક્ત રીતે સંદેશવ્યવહાર કરવાની ક્ષમતાની ઊંડાણથી કાળજી રાખે છે. અમે અમારી સેવાઓ હાનિકારક ખોટી માહિતી ફેલાવવા માટે ઉપયોગ કરાય એવું ચાહતા નથી અને એવું માનીએ છીએ કે આ એવો પડકાર છે, જેને કંપનીઓ અને સમાજે પહોંચી વળવાની જરૂર છે. દાખલા તરીકે, અમે હાલમાં અમારા ગ્રુપ ચેટ્સમાં ઘણી બધી અપડેટ્સ કરી છે અને નકલી સમાચારો અને અફવાઓ ઓળખી કાઢવા માટે લોકોને મદદરૂપ થવા માટે પ્રયાસ કરવા પગલાં લઈશું, એમ એક નિવેદનમાં વ્હોટ્સએપના પ્રવક્તાએ જણાવ્યું છે.

વ્હોટ્સએપે ભારત સરકાર (એમઈઆઈટીવાય)ને આ મુજબ પત્ર લખ્યો છે:

તારીખ ૨ જુલાઈના તમારા પત્ર માટે આભાર. ભારત સરકારની જેમ જ અમે પણ હિંસાનાં આ ભયાનક કૃત્યોથી ભયભીત છીએ અને તમે ઉપસ્થિત કરેલા અત્યંત મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ઝડપથી પ્રતિસાદ આપવા માગીએ છીએ. અમે માનીએ છીએ કે આ પડકાર ઝીલવા માટે સરકાર, નાગરી સમાજ અને ટેકનોલોજી કંપનીઓ એકત્ર કામ કરવાની જરૂર છે.

અમારી વ્યૂહરચના બે પાંખવાળી છે:

- પ્રથમ, લોકોને તેઓ સુરક્ષિત રહેવા માટે જરૂરી નિયંત્રણો અને માહિતી આપવી, અને
- બીજું, વ્હોટ્સએપનો દુરુપયોગ રોકવા માટે પૂર્વસક્રિય રીતે કામ કરવું.

ડિજિટલ સાક્ષરતા અને વાસ્તવિકતાની તપાસ

અમે ઓનલાઈન સુરક્ષિત કઈ રીતે રહેવું તે વિશે લોકોને માહિતગાર કરવા માટે પણ સખત મહેનત લઈ રહ્યા છીએ. દાખલા તરીકે, અમે નિયમિત રીતે એવી માહિતી મૂકીએ છીએ જે ખોટા સમાચારો અને અફવાઓને કઈ રીતે ઓળખવું તે સમજાવે છે- અને અમે વ્હોટ્સએપ ખાતે અમારે માટે તેનું મહત્ત્વપૂર્ણ જોતાં બારતમાં લાંબે ગાળે જાહેર સુરક્ષા અને ઝુંબેશો ચલાવવાની પણ યોજના બનાવીછે. આરંભમાં અમે ટૂંક સમયમાં જ ખોટી માહિતી અંગેની નવી શૈક્ષણિક સામગ્રીઓ પ્રસિદ્ધ કરીશું અને અમારા સમાચાર સાક્ષરતા વર્કસોપ્સ હાથ ધરીશું.

# રૂપ... મર્દ કા નયા સ્વરૂપ ૧૨-વર્ષની ફાળ ભરે છે



કલર્સના રૂપ... મર્દ કા નયા સ્વરૂપે પુરુષપ્રધાન સમાજની માન્યતાઓ પર પ્રશ્નો ઉઠાવતા૮-વર્ષની વયના છોકરા રૂપની કહાણી વડે દર્શકોની કરોડ રજજુ પર ચાબખો માર્યો છે.જ્યાં તેના પિતા શમશેર સિંહ નાનકડારૂપનેપૌરુષયુક્ત અને લડાયક બનાવવા પ્રયાસરત છે તો બીજી બાજુએ રૂપ પરોપકારી છે અને એ પ્રકારે વિચારનાર નથી.આત્માને હલાવી જનારી રૂપની આ મુસાફરીને અનુસરતો શો રૂપના જીવનના નવા તબકકા પર પ્રકાશ પાડતાં૧૨-વર્ષની ફાળ ભરશે અને અને કેવી રીતે તે સમાજમાં પુરુષનીભૂમિકાને પરિભાષિત કરશે અને એ ધારણાને પરિવર્તિત કરશે તે દર્શાવશે.

પોતાના પાત્ર અને શો પર ટિપ્પણી કરતાં શશાંક વ્યાસે કહ્યું, "મેં હંમેશા એવી ભૂમિકા ભજવવાનું પસંદ કર્યું છે જે અલગ હોય અને જેનો પ્રભાવ પડે. શોનોબોલ્ડ અને હૈયાં પર ચાબુક મારતો વિષયવસ્તુ છે જેણે મને આ લેનાર કર્યો. પરિવર્તન આણવાના ક્રમમાં લિંગ પરંપરાગતતા પર બોલવાની આવશ્યક્તા છે અને હું ગર્વાન્વિત છું કે કલર્સ અને રશ્મિ શર્માટેલિફિલ્મ્સે મને આ તક આપી છે.

પોતાની ભૂમિકા અંગે બોલતાં, ડોનલબિષ્તે કહ્યું, "માથા પર તોળાઈરહેલ છે એવા લિંગ પરંપરાગતતા જેવા મુદ્દા પર ચર્ચા ઉપાડતાં રૂપ... મર્દ કા નયા સ્વરૂપ જેવા શોમાં કામ કરવા બાબતે હું સાચે જ ઉત્તજીત છું. હું મકકમપણે માનું છું કે ભલે પછી તે સ્ત્રી હોય કે પુરુષ, દરેકજણને જજ કરવામાં આવ્યા વગર પોતાના માર્ગને પસંદ કરવાનો અધિકાર છે. આ નવી તક માટે હું અત્યંત ઉત્તજીત છું અને આની શરૂઆત થવા બાબતે આતુર છું."

ઘણાં બધા વળાંકોને ઝડપી પાડવા દર સોમવારથી શુકવાર રાત્રે ૯.૦૦કલાકે જોતાં રહો રૂપ–મર્દ કા નયા સ્વરૂપ, ફક્ત કલર્સ પર!

# ઉબર ઈન્ડિયા દ્વારા 'બઢતે ચલો'ની શરૂઆત કરીને ભારતના લાખો ડ્રાઈવર પાર્ટનર્સને પ્રેરણા આપવા માટે વિરાટ ઈલેવનની રજૂઆત કરવામાં આવી

**આ ડ્રાઈવર પાર્ટનર્સ-ફોકસ્ડ કેમ્પેઈન પાંચમી જુલાઈના રોજ લાઈવ થશે, જે કોમ્યુનિટી માટે વિશ્વાસપાત્ર એનેબ્લર બ્રાન્ડ તરીકે પ્રસ્થાપિત કરે છે**



નેશનલ, જુલાઈ ૦૫, ૨૦૧૮ – વિશ્વભરમાં અર્બન મોબેલિટીને ફરિ પરિભાષિત કરી રહેલી રાઈડશેરિંગ એપ ઉબર એ આજે તેના તાજેતરમાં લોન્ચ કરાયેલી ઈન્ડિયા બ્રાન્ડ કેમ્પેઈન 'બઢતે ચલો'ના બીજા તબક્કાની શરૂઆત કરી છે, જેના બ્રાન્ડ એમ્બેસેડરમાં વિરાટ કોહિલનો સમાવેશ થાય છે. 'બઢતે ચલો'ને બ્રાન્ડની નવી સ્થિતિની આસપાસ કલ્પના કરવામાં આવી છે જેનો ઉદ્દેશ્ય ઉબરને જીવનમાં પ્રગતિ માટેની તમામ તકોની ચળવળના સહાયક તરીકે બહાર લાવવાનો છે. ડ્રાઈવર ફોરવર્ડ બ્રાન્ડ ફિલ્મ, જીવનના તમામ ક્ષેત્રોમાંથી ઉબરના કાર્મશીલ ડ્રાઈવર પાર્ટનર કોમ્યુનિટી પર ધ્યાન કેન્દ્રિત કરે છે,

ભારતમાં ૪૦૦ અને ૫૦ હજાર લોકો છે જેઓ દરરોજ ઉબર એપનો ઉપયોગ કરીને મુસાફરી કરવાનું પસંદ કરે છે. આ ડ્રાઈવર પાર્ટનર્સ સમગ્ર દેશમાં ઉબરની સફળતા માટે એક કેન્દ્ર છે અને ઉબર ઈન્ડિયા તેમને સર્વિસ આપવા અને જીવનની પ્રગતિના અવસરોને ઝડપી લેવા માટે પ્રતિબદ્ધ છે. નવા લોન્ચ કેમ્પેઈન 'બઢતે ચલો'નો બીજો તબક્કો આ ભુમિકાનું ફરી પુનરાવર્તન કરે છે કે ઉબર ઉદ્યોગસાહસિકતાની તકો ઊભી કરવાની ભૂમિકા ભજવે છે એટલે કે કામ કરવાની એક નવી રીત છે જે આર્થિક સ્વતંત્રતા, ઉત્પાદકતામાં વધારો અને ભારતમાં હાજરો ડ્રાઈવર પાર્ટનર્સ માટે ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝનને પ્રોત્સાહન આપે છે.

વિવિધ સમૂહો ઉપર લક્ષિત મલ્ટિપલ એડ-સેટ્સ સાથે હાલના ડ્રાઈવર પાર્ટનર્સ કોમ્યુનિટી અને સંભવિત ડ્રાઈવર પાર્ટનર્સ-કેમ્પેઈનના આ તબક્કામાં વિરાટ કોહલીનો ઉબર ડ્રાઈવર પાર્ટનર કોમ્યુનિટી માટેના કોચ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. જેનાથી ડ્રાઈવરને પોતાની ક્ષમતાઓ વધારીને તેમને સ્ટાર પર્ફોર્મન્સ માટે પ્રેરિત કરી શકાશે:

- હાલ ડ્રાઈવર પાર્ટનર્સ જે ઉબર પ્લેટફોર્મનો ઉપયોગ કરીને ડ્રાઈવ કરે છે. આ કોમ્યુનિટી દેશભરમાં ઈન-એપ મેસેજ અને વીડિયો, ડિજિટલ લેન્ડિંગ પેજીસ અને ગ્રીન લાઈટ સેન્ટર સહિત ઉબરના વ્યાપક ઈન્ટરનલ ચેનલ ઉપર કેમ્પેઈનને જોવા માટે સક્ષમ બનશે. તે ઉપરાંત હાલના ડ્રાઈવર્સ પાર્ટનર્સ કોમ્યુનિટી સાથે સંલગ્ન પ્રવૃતિઓ સહિત એક વિસ્તૃત પોસ્ટ લોન્ચ કેમ્પેઈન ક્યુરેટ કરવામાં આવી રહ્યો છે
- ઉદ્યોગસાહસિક બનાવવા માટે ઉબર એપનો ઉપયોગ કરવાવાળા સંભવિત ડ્રાઈવર્સ પાર્ટનર્સને આ કેમ્પેઈનની એક નાની સિરિઝ લોન્ચ કરાશે જે તમામ છ્ન ચેનલ (પ્રિન્ટ, ટીવી, રેડિયો, ઓઓએચ) ઉપર દર્શાવવામાં આવે છે.

વિરાટ દ્વારા પ્રશંસા કરાયેલી આ બ્રાન્ડ ફિલ્મના કન્સેપ્ટનો ઉદ્દેશ્ય ઉબરના વ્હિલ્સની પાછળ દરરોજ ડ્રાઈવરો દ્વારા સામનો કરવામાં આવતા અનુભવોને પ્રદર્શિત કરવાનો છે. આ રીતે એક ડ્રાઈવર્સ પાર્ટનર્સના વ્યવહાર સંબંધીત લક્ષણોને સ્વીકાર કરવો જે સિક્સ-સ્ટાર સર્વિસ તરફ દોરી જાય છે. સ્ટાર ક્રિકેટ ટીમની રચનાના સ્વરૂપે વિશિષ્ટ ડ્રાઈવર પાર્ટનર્સ પ્રોફાઈલની વચ્ચે આ સંબંધને સ્થાપિત કરવા માટે, એડ ફિલ્મ – 'Virat's XI'માં આ બાબતની ઉંડાણપૂર્વક માહિતી આપવામાં આવી છે કે એક આદર્શ ટીમમાં વિવિધ પ્રકારના ડ્રાઈવર પાર્ટનર્સ સામેલ હોય છે જે ઉબર માટે ઓપનિંગ બેટ્સમેન, વિકેટ કિપર્સ, ઓલ રાઉન્ડર્સ અને બોલર તરીકે રમી છે. ઓન સ્ક્રીન ઉપર ઉબરની ડ્રિમ-ટીમ બનાવવા માટે રિયલ-લાઈફ ડાઈવર પાર્ટનર્સને કેમ્પેઈનમાં સામેલ કરવામાં આવ્યા છે.

# સંભવિત ઘર ખરીદદારો માટે હાઉસિંગ લોનના વ્યાજદર હજુ પણ ઊંચા છે

**– મેજિકબ્રિક્સ કન્ઝ્યુમર પોલ**

**૪૫ ટકા લોકો વધી રહેલા વ્યાજના દરથી નાખુશ; ૨૭ ટકા લોકો લાંબાગાળા માટેના સમયગાળા સાથે**




સંભવિત ઘર ખરીદદારોના ૪૫ ટકા માટે, ઘરની લોન માટે વધતા વ્યાજદર તેમના સ્વપ્ન ઘરની ખરીદીમાં એક અવરોધ છે, મેજિકબ્રિક્સ દ્વારા ભારતની નંબર ૧ પ્રોપર્ટીસાઈટ દ્વારા કન્ઝ્યુમર પોલ જાહેર કર્યું. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા રેપો રેટમાં ગયા મ[illegible] વધારા બાદ ગ્રાહક સેન્ટીમેન્ટ પર અસર થઈ હતી. રેપો રેટ, આરબીઆઈ બેન્કોને ટૂંકા ગાળા માટે નાણાં ચૂકવે છે તે દર, ૨૫ બીપીએસ(બેસિસ પોઈન્ટ) વધીને ૬.૨૫ ટકા થયો છે. રિઝર્વ બેન્કે રિવર્સ રેપો રેટમાં પણ વધારો કર્યો છે, આરબીઆઈ વ્યાજદર ધરાવતી બેન્કો પાસેથી ૬ ટકા સુધી ઉધાર આપે છે.

મેજિકબ્રિક્સના એડિટોરિયલ અને એડવાઈસના હેડ ઈ જયશ્રી કુરુપે જણાવ્યું કે, "મુખ્યત્વે બે પ્રકારના ધિરાણકર્તાઓ પાસેથી હોમ લોન્સ ઉપલબ્ધ છે – કોમર્શિયલ બેન્કો અને હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ. વિવિધ વ્યાજદર અને અન્ય નિયમો અને શરતોની અલગ અલગ દરોના ઉદ્ધરણ આપે છે, એટલા માટે ઘર ખરીદદારોને સુનિશ્ચિત કરવા માટે કેટલાંક ઉધારકર્તાઓ સાથે સંપર્ક કરવો જોઈએ કે તમને પૈસા માટે સર્વોત્તમ મૂલ્ય મળી રહી છે."

મેજિકબ્રિક્સ પોલે હકીકતને પણ પ્રતિબિંબિત કર્યું છે કે લગભગ ૨૭ ટકા દેવાદારો માટે લાંબુ વળતર ચૂકવવાનો સમય ચિંતાજનક પરિબળ છે, જ્યારે ૨૧ ટકા લોકો માને છે કે હોમ લોન માટે અરજી કરવાની કંટાળાજનક પ્રક્રિયાએ સૌથી મોટી સમસ્યા છે. માત્ર ૭ ટકા દેવાદારો માને છે કે આ દિવસોમાં હોમ લોન મેળવવાનું સરળ છે.

# બીએસઈ એસ એમ ઈ સ્ટાર્ટઅપ લોન્ચ પોસ્ટપૉન કરે છે




**- દિલીપ દાવડા**

તાજેતરમાં બીએસઈમાં કેટલાક ઝડપી પગલાં જોવા મળ્યા છે, જેણે બજાર સહભાગીઓનાં ભવાં ઉંચાં કર્યા છે. ૨૧ મી જૂન, ૨૦૧૮ ના રોજ, બીએસઈ "બીએસઈ એસએમઈ સેગમેન્ટમાં" નવા "પ્લેટફોર્મની સૂચિ" માટે પરિપત્ર બહાર પાડે છે અને ૦૯ મી જુલાઈ ૨૦૧૮ (તેનું ૧૪૩ મા ફાઉન્ડેશન ડે) પર એસએમઈ સ્ટાર્ટઅપ પ્લેટફોર્મ લોન્ચ કરવાની જાહેરાત કરે છે. આ સમાચાર મિડિયા દ્વારા માસના અંતે પ્રકાશિત કરવામાં આવ્યા હતા. તા ૩૦ મી જૂન, ૨૦૧૮ ના રોજ, "બીએસઈ સ્ટાર્ટઅપ પ્લેટફોર્મના લોન્ચિંગને મુલતવી રાખવા" વિશે એક પરિપત્ર જારી કરવામાં આવ્યો હતો અને આ રીતે તે બજારમાં આશ્ચર્ય ફેલાઈ ગયું હતું.

નિરીક્ષકોના અહેવાલો અનુસાર, આ લખવા માટે, બીએસઈએ બીએસઈ સ્ટાર્ટઅપ પ્લેટફોર્મ પર લિસ્ટિંગ માટે કોઈ અરજી મેળવી નથી. વાસ્તવમાં, આ પ્રક્રિયા માટે, બીએસઈએ ઓછામાં ઓછા એક સ્ટાર્ટઅપ રજીસ્ટર કરાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ આમ કરવા માટે તે નિષ્ફળ ગયા હતા અને તેથી તે લોંચને મુલતવી રાખેલ છે.

પરંતુ આ સાથે, બજારમાં સૌથી જુના એક્ષચેંજ દ્વારા ઝડપી કાર્યવાહી વિશે બજારમાં ચર્ચાઓ ચાલે છે અને કેટલાક પ્રશ્નો પૂછવામાં આવે છે જેને જવાબ આપવાની જરૂર છે. આપણે જાણીએ છીએ કે ૧૯૯૪ માં ઓટીસીઆઈઆઈ (ઓવર ધ કાઉન્ટર એક્સચેન્જ ઓફ ઈન્ડિયા) ના નાનાં સાહસોની સૂચિ માટે સમાન હેતુથી શરૂઆત થઈ, પરંતુ તે ચાલી નહીં અને ૧૯૯૭ માં અકાળે મૃત્યુ પામી. આ એક્ષચેંજ પર લીસ્ટ થયેલ સ્ક્રીપ હજુ પણ અન્ય એક્સચેન્જો પર નોંધાવવા માટેના રસ્તા શોધે છે. તાજેતરમાં અમે ઓટીસીઈઆઈ લિસ્ટેડ કંપની ઝિમ લેબોરેટરીઝ લિમિટેડના કેસ જોયાં છે, જે ગયા મહિને બીએસઈ ખાતે મેઈન બોર્ડની યાદીમાં સ્થાન મેળવેલ છે. બીજી બાજુ, અમે એક આઈટીપી (ઈન્સ્ટિટ્યુશનલ ટ્રેડિંગ પ્લેટફોર્મ) કંપની કે રિચવે ઈન્ટરનેશનલ લિમિટેડનો કેસ જોયો છે, જે બીએસઈ આઈટીપીએ એક્શન લેવલની ક્રિયાને ચિહ્નિત કરવામાં નિષ્ફળ રહી અને ડી લીસ્ટેડ થઈ છે અને તે છેલ્લે એનએસએસઈ એસએમઈ ઈમર્જમાં નવા નામ સુયુમયા લાઈફસ્ટાઈલ લિમિટેડના નામે રીલીસ્ટ થઈ છે.

આ તમામ પ્રવૃત્તિઓ વચ્ચે, થોડાક એપિસોડ જેવા કે ગર્વ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, યુ.કે. ઝવેરી લિમિટેડ જેવી કંપનીઓને એસએમઈ લિસ્ટિંગ માટેની મંજૂરી, ઓછામાં ઓછી બે વર્ષથી કોઈ નાણાકીય ટ્રેક રેકોર્ડ ન હોવા છતાં એક અને બધાને આશ્ચર્ય થયું હતું. જ્યારે બીએસઈના અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે આ કંપનીઓને તેમના નેટવર્થના આધારે યાદી માટે મંજૂરી આપવામાં આવી છે, ત્યારે તે લઘુત્તમ નાણાકીય ટ્રેક રેકોર્ડ પાસા પર પ્રશ્ન ઉઠાવે છે. તાજેતરના ગ્રોઅન ગણેશ ફિલ્મી ઈન્ડિયા લિમિટેડને દ્રષ્ટિએ જોવામાં આવે છે, જે ત્રણ દાયકાથી વધુ સમયથી ધંધામાં રહેલા એક જૂથની કંપની છે, પરંતુ આ આઈપીઓના ઉમેદવારનો બે વર્ષનો કોઈ ટ્રેક રેકોર્ડ નથી અને તે માત્ર થોડોક પ્રભાવ ધરાવે છે અને તેની તરફેણ કરે છે.અને તેના ફ્લોટ માટેની કિંમત શેર દીઠ રૂ. ૮૦ માટે નજર દોડાવે છે.

બજારના સહભાગીઓના જણાવ્યા મુજબ એસએમઈ યાદીના અભિપ્રાય આપવા માટે ગુણવત્તાયુક્ત પાસાંને બદલે માત્ર એક્સચેન્જો જ નથી, પરંતુ લીડ મેનેજર્સે જથ્થાત્મક રમતની પસંદગી કરી છે અને એસએમઈ આઈપીઓ માટે તાજેતરના નબળા સેન્ટિમેન્ટ માટે એક ખરાબ રમત રમી છે. એસએમઈ માર્કેટ સહભાગીઓના જણાવ્યા મુજબ, એસએમઈ આઈપીઓના ભાવમાં પણ તે માટે પગલાં લેવામાં આવ્યા છે અને SME આઈપીઓના ભાવો માટે ઉપલા કેપ વિશે એક પ્રશ્ન ઊભો કર્યો છે. તેમના અભિપ્રાય મુજબ, એસએમઈ આઈપીઓની કિંમત લગભગ ૧૨ થી ૧૫ ના પી / ઈ પર સામાન્ય રીતે જ મર્યાદિત હોવી જોઈએ અને ગુણવત્તા ઓફર ૨૦ પી / ઈની મર્યાદામાં હોવી જોઈએ. નિરીક્ષકોને લાગ્યું તેમ, બીએસઈએ એસએમઈ સૂચિઓ માટે એનએચઈની તુલનામાં કેટલાક નિયમો રિલેક્સ્ડ કરેલ છે. અમે ડેક્કન હેલ્થકેરનો કેસ જોયો છે જે મૂળ એનએસઈ એસએમઈ એમરેજ લિસ્ટિંગની શરૂઆત કરી હતી, છેલ્લે એસએમઈની બીએસઈ લિસ્ટિંગ માટે પસંદગી કરી હતી અને માર્ચ ૨૦૧૮ ના મહિનામાં બજારમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. બજારના સૂત્રોના જણાવ્યા મુજબ, કેટલીક જાહેરાતો ઓફર ડોક્યુમેન્ટ્સમાં આવરી લેવામાં આવી ન હતી અને તેથી છેલ્લી ઘડીએ તે પાછો ખેંચી લેવામાં આવ્યો હતો અને ડીઆરએચપી (ત્રીજી વખત) રિફિલ થઈ હતી.

તેથી બજારના સહભાગીઓ દલીલ કરી રહ્યા છે કે એસએમઈ પ્લેટફોર્મ નવા નિયમો શરૂ કરવાને બદલે એસએમઈ પ્લેટફોર્મના નિયમો અને નિયમનમાં ફેરફાર કરવામાં આવે છે, કારણ કે એસ એમ ઈ પ્લેટફોર્મની જ દિશાનિર્દેશો પર સ્ટાર્ટઅપ પ્લેટફોર્મ આઈપીઓ પ્રક્રિયાને જોડે છે. વૈકલ્પિકરૂપે, સ્ટાર્ટઅપની સીધી સૂચિ માટે ITP નું એક મિની સંસ્કરણ હોવું જોઈએ અને ઓટીસીઈઆઈ લિસ્ટેડ કંપનીઓ માટે ગેટવે ખોલવા માટે ટ્રેડિંગ પ્લેટફોર્મ મેળવવા અને આ પ્રક્રિયા માટે અનુપાલન કરવા માટે આવશ્યક અભિગમ અપનાવવો.

બીએસઈ પર એસએમઈ પ્લેટફોર્મના ચાર કંપનીઓ (૨૦૧૫ માં) ના ભૂતકાળમાં સસ્પેન્શનમાં આપણે એક બાજુ જોયું છે, બીજી બાજુ, અમારી પાસે થોસો એન્જીનિયરિંગ લિ. (૨૦૧૨) ના પ્રથમ એનએસઈ એસએમઈ ઈમર્જ આઈપીઓનો કેસ હજુ પણ SME પર છે પ્લેટફોર્મ એસએમઈ પ્લેટફોર્મની યાદીમાં વધારો કરવા માટે એનએસઈએ તાજેતરમાં લિસ્ટિંગ માટે બ્રાઈટ સોલારના આઈપીઓને મંજૂરી આપી છે. આ કંપનીને રાજ્ય સરકારના સત્તાવાળાઓ દ્વારા તેમના વિક્રેતાઓની યાદીમાંથી બ્લેકલિસ્ટ કરવામાં આવી હતી.

જો SME પ્લેટફોર્મ પુનઃપ્રારંભ કરવું હોય તો, એક્સચેન્જો ગુણવત્તાસભર આઈપીઓ માટે મુખ્ય ભાર મૂકે અને જથ્થાની રમતને છોડી દે. બધાં પાસાં બરાબર ગોઠવાયા પછી, તેમને નવા પ્લેટફોર્મ્સનો વિકલ્પ પસંદ કરો, જો કે શરૂઆતમાં તે ઈચ્છનીય પણ છે

# સ્કાયબેગ્સ #BagTheBall

**– આ ફૂટબોલ સિઝનમાં ચેલેન્જ આપવી જોઈએ!**




જુલાઈ, ૨૦૧૮: ફિફા(FIFA) વર્લ્ડ કપની ધાકમાં ન હોવું એ અશક્ય છે; વિશ્વની સૌથી મોટી સ્પોર્ટ્સ ઈવેન્ટ કે જે વિવિધ સંસ્કૃતિના લોકોને સાથે લાવે છે! ફિફા વર્લ્ડ કપ ફિવરે ભારતને પણ પકડમાં લીધો છે.આ ઉન્માદ વચ્ચે, સ્ટાઈલિશ યુવા બેગ બ્રાન્ડ સ્કાયબેગ એક રોમાંચક અને રચનાત્મક ચેલેન્જ લોન્ચ કરી છે.તમે રમતના પ્રશંસક છો કે નહીં, આ ચેલેન્જ એ દરેક માટે છે.#BagtheBall એક સરળ પરંતુ વિચિત્ર ચેલેન્જ છે જે લોકોને તેમની રચનાત્મકતાને પ્રદર્શિત કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

આ કેમ્પેઈન વિશે વાત કરતાં વી.આઈ.પી. ઈન્ડસ્ટ્રીઝ ના સી.ઈ.ઓ.શ્રી સુદીપ ઘોસે જણાવ્યું કે, " "#BagtheBall લોકોની સર્જનાત્મકતાને પડકાર આપે છે અને લોકોને તેમની વય અને લિંગને અનુલક્ષીને ફૂટબોલ ચાલ દર્શાવવા માટે પ્રોત્સાહિત કરે છે.બ્રાન્ડ તરીકે, અમે હંમેશાં નવીનતા લાવવા અને અનન્ય કંઈક પ્રદાન કરવાની રીતો જોઈ રહ્યા છીએ, જે ખરેખર અમને પ્રેક્ષકો સાથે જોડે છે."

વિશ્વ પ્રસિદ્ધ ક્રિકેટર ઈરફાન પઠાણે ઈન્સ્ટાગ્રામ પર આ કેમ્પેઈનની શરૂઆત કરી અને બોલને પોતાના જ સ્કાયબેગ બેકપેકમાં પ્રાપ્ત કરીને ગોલ કર્યો. સાથી ક્રિકેટરો હરભજનસિંહ અને જસપ્રિત બુમરાહે પોતાના ક્રિએટિવ વીડિયો સાથે આ વલણને અનુસર્યું હતું. આ ફીવરને જીવંત રાખતાં,ભારતીય ફૂટબોલ ટીમના કેપ્ટન સુનીલ છેત્રીએ પણ તેમના ચાહકોને ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા માટે એક વિડિઓ શેર કર્યો છે.આ કેમ્પેઈન માટે સ્કાયબેગ્સે પહેલેથી જ સેનકલો વિડિઓ પ્રાપ્ત કર્યા છે.પ્રતિયોગિતામાં ભાગ લેવા માટે, દરેકે પોતાનો બોલને બેગિંગ કરતો વિડિઓ સોશિયલ મીડિયા પર #bagtheball સાથે અને જૈહજાઅહ્નક્ષ્જ ને ટેગ કરીને અપલોડ કરવાનો છે. ભાગ્યશાળી વિજેતા આઈકોન X, ગોપરો અને આઈપીએની સાથે એક મોટો સ્કોર કરશે. પ્રતિયોગિતા ૧૫ જુલાઈ, ૨૦૧૮ના રોજ સમાપ્ત થશે.

Printed, Published and Owned by Shri Narendra G.Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA G. JOSHI. PH :-079- 27451449, (M) 9825065387
RNI NO. GUJGUJ/2012/48123

# પ્રથમ ક્વાર્ટરના પરિણામ અને મેક્રો ડેટા શેરબજારને દોરશે

## સેન્ટ્રલ સ્ટેટેસ્ટિક ઓફિસ દ્વારા આગામી તારીખ ૧૨ જૂલાઈના રોજ આઈઆઈપી અને સીપીઆઈ સહિતના આર્થિક ડેટા જાહેર કરવામાં આવશે

**એજન્સી દ્વારા નવીદિલ્હી**

બજાર નિષ્ણાતોના મતે આ સપ્તાહે કંપનીઓના ત્રિમાસિક પરિણામો, આઈઆઈપી અને ફુગાવા જેવા આર્થિક ડેટા શેરબજારની ચાલ નિર્ધારિત કરશે.વ્યાપારમાં અમેરિકા અને ચીન વચ્ચેની રક્ષણવાદની લડાઈના નવા પગલાં, ડોલર સામે રૂપિયાની ચાલ અને ક્રૂડના આંતરરાષ્ટ્રીય ભાવ સહિતના પરિબળો પણ શેરબજારના સેન્ટિમેન્ટ પર અસર કરશે, તેમ બજાર નિષ્ણાતોએ જણાવ્યું હતું.

આગામી સપ્તાહે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના પ્રથમ ક્વાર્ટરના પરિણામોની મોસમ શરૂ થશે. આગામી તારીખ ૧૦ જૂલાઈના રોજ આઈટી ક્ષેત્રની અગ્રણી કંપની ટાટા કન્સ્લટન્સી સર્વિસિસ તેના પ્રથમ ક્વાર્ટરના પરિણામની જાહેરાત કરશે.

આ સપ્તાહે ટીસીએસ ઉપરાંત ઈન્ફોસિસ, ઈન્ડસઈન્ડ બેક્ક અને ઈન્ડિયન ઓવરસીસ બેક્ક વગેરે કંપનીઓ પણ તેના પ્રથમ ક્વાર્ટરના નાણાકીય પરિણામો જાહેર કરશે.ડેલ્ટા ગ્લોબલ પાર્ટનરના ફાઉન્ડર પાર્ટનર દેવેન્દ્ર નેવગીએ કહ્યું હતું કે, ટીસીએસ, ઈન્ફોસિસ તેમજ ઈન્ડસઈન્ડ બેક્ક અને કોટક જેવી બેક્કો સહિતની લાર્જકેપ કંપનીઓના નાણાકીય પરિણામો પર બજારની નજર રહેશે.અમેરિકાના અર્થતંત્રમાં થયેલા ચેતનાના સંચાર અને તાજેતરની કંપનીઓની કામગીરી જોતાં આ સપ્તાહે આઈટી સેક્ટર ફોકસમાં રહેવાની ધારણા છે.

આ સપ્તાહે પ્રથમ ક્વાર્ટરના પરિણામો ઉપરાંત ઔદ્યોગિક ઉત્પાદન આંક, કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અને ભારતના વેપારના આંકડા વગેરે જેવા આર્થિક ડેટા પણ બજારની ચાલ માટે મહત્ત્વના બની રહેશે.

સેન્ટ્રલ સ્ટેટેસ્ટિક ઓફિસ દ્વારા આગામી તારીખ ૧૨ જૂલાઈના રોજ આઈઆઈપી અને સીપીઆઈ સહિતના આર્થિક ડેટા જાહેર કરવામાં આવશે.બજાર વર્તૂળો દ્વારા સીપીઆઈ અને આઈઆઈપી ડેટા પર ખાસ નજર રાખવામાં આવશે.

અમેરિકન ડોલર સામે રૂપિયાની ચાલ તેમજ વિદેશી ભંડોળના પ્રવાહની સ્થિતિની પણ ભારતીય ઈક્વિટી માર્કેટ પર અસર જોવા મળે તેવી શક્યતા છે. સાપ્તાહિક ધોરણે અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો ૬૮.૮૮ની સપાટીએ બંધ રહ્યો હતો જે, અગાઉના સપ્તાહની સરખામણીમાં ૪૧ પૈસાનો ઘટાડો દર્શાવે છે.આગામી સપ્તાહે ભારતીય રૂપિયો ૬૮.૪૦-૬૯ના સ્તરે રહેવાની ધારણા છે.

ક્રૂડના ભાવમાં વૃદ્ધિ અમેરિકા-ચીન વચ્ચેની ટ્રેડવોરને કારણે નબળા પડેલા ચીનના યુઆન, ડોમેસ્ટિક ઈક્વિટી અને ડેટ માર્કેટમાંથી વિદેશી ભંડોળ પરત ખેંચાઈ જવાથી અને અમેરિકાના ફેડના આક્રમક વલણ જેવા પરિબળોથી ભારતીય ચલણ પર દબાણ વધ્યું છે.શેરબજાર પાસે ઉપલબ્ધ પ્રોવિઝનલ આંકડા અનુસાર ૩-૬ જૂલાઈ વચ્ચેના સમયગાળામાં ફોરેન ઈન્સ્ટીટ્યૂસનલ ઈન્વેસ્ટર્સેએ કુલ ૨,૪૫૫.૪૪ કરોડના શેર્સનું વેચાણ કર્યું હતું.નેશનલ સિક્યુરિટીઝ ડિપોઝિટરીઝના આંકડા અનુસાર ૬ જૂલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સે ૨,૭૩૭.૦૪ કરોડના ઈક્વિટી શેર્સનું વેચાણ કર્યું હતું.જોકે, હાલમાં ટેકનિકલ ચાર્ટ જોતા નિફ્ટીમાં ટૂંકાગાળે પોઝિટિવ ટ્રેન્ડની ધારણા છે. નિફ્ટી ૧૦,૫૫૦ની મહત્ત્વની ટેકાની સપાટીથી બાઉન્સબેક થયો છે તે જોતાં ટૂંકા ગાળે અપવર્ડ ટ્રેન્ડની ધારણા છે.ગયા સપ્તાહે સરકારે કૃષિ ક્ષેત્ર માટે કરેલી જાહેરાતથી ગ્રામીણ માંગ વધવાની ધારણા ઉપરાંત ઉત્પાદન પ્રવૃત્તિ વેગવાન બનતાં સૂચકાંકોમાં સુધારો નોંધાયો હતો. જોકે, અમેરિકા-ચીન વચ્ચેના વેપારયુદ્ધને પગલે આ સુધારો મર્યાદિત રહ્યો હતો.વિતેલા સપ્તાહે નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી-૫૦ ૫૮.૩૫ પોઈન્ટ્સ અથવા ૦.૫૪ ટકા વધી ૧૦,૭૭૨.૬૫ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે સેન્સેક્સ ૨૩૪.૩૮ પોઈન્ટ્સ અથવા ૦.૬૬ ટકાની વૃદ્ધિ સાથે ૩૫,૬૫૭.૮૬ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો.

# સેમ્બકોર્પ એનર્જીને ધ ગોલ્ડન પીકોક એવોર્ડ મળ્યો

*ગુરુગ્રામ, ૦૬ જુલાઈ, ૨૦૧૮: સેમ્બકોર્પ એનર્જી ઈન્ડિયા લિમિટેડ (એસઈઆઈએલ)ને વર્ષ ૨૦૧૮ માટે પ્રતિષ્ઠિત “ગોલ્ડન પીકોક એવોર્ડ ફોર એન્વાયન્મેન્ટ મેનેજમેન્ટ” એનાયત કરવામાં આવ્યો છે. એસઈઆઈએલને આ એવોર્ડ નેલ્લોરમાં તેનાં સુપરક્રિટિકલ પાવર જનરેશન પ્લાન્ટમાં પર્યાવરણ વ્યવસ્થાપનનાં ક્ષેત્રમાં વિવિધ ઉપયોગી પહેલો હાથ ધરવા માટે એનાયત કરવામાં આવ્યો હતો.*

*આજે આ એવોર્ડ સમારંભ નવી દિલ્હીમાં “પર્યાવરણમાં પરિવર્તનો અને આબોહવામાં ફેરફાર પર સમારંભની ૨૦મી વાર્ષિક વિશ્વ કોંગ્રેસ”માં ભારતમાં ફિનલેન્ડનાં રાજદૂત શ્રીમતી નિના વાસ્કુન્લાહતીએ એસઈઆઈએલની ટીમને એનાયત કર્યો હતો. આ પ્રસંગે ભારત સરકારનાં પર્યાવરણ, વન અને આબોહવામાં ફેરફાર મંત્રાલયનાં સચિવ શ્રી સી કે મિશ્રા, ભારત સરકારનાં સ્ટીલ મંત્રાલયનાં સચિવ ડૉ. અરુણા શર્મા અને ભારત સરકારનાં અતિ નાનાં, નાનાં અને મધ્યમ ઉદ્યોગસાહસ મંત્રાલયનાં સચિવ ડૉ. અરુણ કુમાર પાંડા ઉપસ્થિત રહ્યાં હતાં.*

*વર્ષ ૧૯૯૧માં ભારતની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિરેક્ટર્સ દ્વારા શરૂ થયેલ ધ ગોલ્ડન પીકોક એવોર્ડ કોર્પોરેટ ઉત્કૃષ્ટતાનો માપદંડ ગણાય છે. વ્યવસાયો અને ઉદ્યોગો વચ્ચે વ્યાપક સ્વીકાર્યતા સાથે આ ‘એવોર્ડ સર્ટિફિકેશન’એ આંતરરાષ્ટ્રીય સ્તરે હરિફો વચ્ચે માન્યતા અને પ્રોત્સાહન મેળવ્યું છે. ભારતની સર્વોચ્ચ અદાલતનાં ભૂતપૂર્વ ન્યાયાધીશ (ડૉ.) અરિજિત પસાયતની અધ્યક્ષતા હેઠળ જ્યુરીએ ચાલુ વર્ષ માટે વિજેતાઓની પસંદગી કરી હતી.*

# ટોપ-૮ કંપનીઓના માર્કેટકેપમાં ૬૬,૬૨૬ કરોડનો ઉછાળો

## ઈન્ફોસિસ અને એસબીઆઈના માર્કેટકેપમાં ધોવાણ

**એજન્સી દ્વારા નવીદિલ્હી**

વિતેલા સપ્તાહે માર્કેટકેપની દ્રષ્ટિએ સેન્સેક્સની ટોપ-૧૦ કંપનીઓમાંથી આઠ કંપનીઓના સંયુક્ત માર્કેટકેપમાં ટીસીએસની આગેવાનીમાં ૬૬,૬૨૫.૬ કરોડનો ઉછાળો નોંધાયો હતો.

શુક્રવારે પૂરા થયેલા સપ્તાહે ઈન્ફોસિસ અને એસબીઆઈના માર્કેટકેપમાં ધોવાણ જોવા મળ્યું હતું જ્યારે ટીસીએસ,રીલાયન્સ, એચડીએફસી બેક્ક, એચયુએલ, આઈટીસી, એચડીએફસી, મારુતિ સુઝુકી અને કોટક મહિન્દ્રા બેક્કના માર્કેટકેપમાં ઉછાળો નોંધાયો હતો.ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસનું માર્કેટકેપ ૨૫,૩૦૬.૮૮ કરોડના ઉછાળા સાથે ૭,૩૨,૫૨૧.૨૯ કરોડ નોંધાયું હતું.મારુતિ સુઝુકી ઈન્ડિયાનું માર્કેટકેપ ૧૪,૬૦૮.૫૯ કરોડની વૃદ્ધિ સાથે ૨,૮૧,૦૭૯.૪૫ કરોડ જ્યારે હિન્દુસ્તાન યુનિલિવરનું માર્કેટકેપ ૮,૦૩૦.૭૯ કરોડના સુધારા સાથે ૩,૬૩,૪૩૧.૧૯ કરોડ નોંધાયું હતું.

સમીક્ષા હેઠળના ગાળા દરમિયાન આઈટીસીનું માર્કેટકેપ ૭,૬૨૭.૬૮ કરોડની વૃદ્ધિ સાથે ૩,૩૨,૩૨૨.૯૫ કરોડ અને કોટક મહિન્દ્રા બેક્કનું માર્કેટકેપ ૫,૫૧૦.૮૩ કરોડના સુધારા સાથે ૨,૬૧,૨૬૩.૯૭ કરોડ નોંધાયું હતું.રીલાયન્સનું માર્કેટકેપ ૨,૨૪૯.૪૨ કરોડના સુધારા સાથે ૬,૧૮,૭૪૯.૩૬ કરોડ અને એચડીએફસીનું માર્કેટકેપ ૧,૭૨૮.૯૨ કરોડની વૃદ્ધિ સાથે ૩,૨૨,૫૪૨.૧૫ કરોડ નોંધાયું હતું.સૂચિતગાળામાં એચડીએફસી બેક્કનું માર્કેટકેપ પણ ૧,૫૬૨.૪૯ કરોડની વૃદ્ધિ સાથે ૫,૫૦,૫૩૧.૯૯ કરોડ થયું હતું.

બીજી તરફ ઈન્ફોસિસનું માર્કેટકેપ ૪,૮૫૯.૬૯ કરોડના ધોવાણ સાથે ૨,૮૦,૫૫૧.૧૨ કરોડ નોંધાયું હતું જ્યારે એસબીઆઈનું માર્કેટકેપ ૧,૬૫૧.૦૪ કરોડના ઘટાડા સાથે ૨,૨૯,૭૬૩.૫૧ કરોડ થયું હતું.

આ સાથે માર્કેટકેપની દ્રષ્ટિએ સેન્સેક્સની ટોપ-૧૦ કંપનીઓની યાદીમાં ટીસીએસએ તેનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું હતું. ત્યારબાદ અનુક્રમે રીલાયન્સ, એચડીએફસી બેક્ક, એચયુએલ, આઈટીસી, એચડીએફસી, મારુતિ, ઈન્ફોસિસ, કોટક મહિન્દ્રા બેક્ક અને એસબીઆઈનું સ્થાન આવે છે.

વિતેલા સપ્તાહે નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી-૫૦ ૫૮.૩૫ પોઈન્ટ્સ અથવા ૦.૫૪ ટકા વધી ૧૦,૭૭૨.૬૫ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે સેન્સેક્સ ૨૩૪.૩૮ પોઈન્ટ્સ અથવા ૦.૬૬ ટકાની વૃદ્ધિ સાથે ૩૫,૬૫૭.૮૬ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો.

### આઈઆરએફસી, આઈઆરસીઓએનની તૈયારી

# બે રેલ આઈપીઓ રજૂ કરવા માટે તમામ તૈયારી કરી લેવાઈ

એજન્સી દ્વારા મુંબઈ, તા. ૮

બે રેલ સીપીએસઈ-આઈઆરએફસી અને આઈઆરસીઓએન આગામી બે મહિનામાં આઈપીઓ સાથે બજારમાં એન્ટ્રી કરી શકે છે. ૧૫૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાના ઈરાદા સાથે આ બંને કંપનીઓ કેપિટલ માર્કેટમાં એન્ટ્રી કરવાની તૈયારીમાં છે. આઈઆરસીઓએન દ્વારા આઈપીઓના પેપર સાથે સેબી સમક્ષ રજૂઆત કરી દીધી છે જ્યારે આઈઆરએફસી માર્કેટ રેગ્યુલેટર સમક્ષ ટૂંક સમયમાં તેના પેપરો રજૂ કરી શકે છે અને આઈપીઓ માટે મંજુરી મેળવી શકે છે. સરકાર આ બે કેન્દ્ર સરકારના સાહસોના આઈપીઓ લોંચ કરવાની તૈયારીમાં છે.

**૧૫૦૦ કરોડ રૂપિયા આઈપીઓથી ઉભા કરવા યોજના**

ગયા મહિનામાં આરઆઈટીઈએસ આઈપીઓને ખુબ શાનદાર પ્રતિસાદ સાંપડ્યા બાદ સરકાર બે સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝના આઈપીઓને લોંચ કરવા માટે તૈયાર છે. આઈઆરસીઓએન અને આઈઆરએફસીના આઈપીઓને તરતા મુકવાની યોજના તૈયાર કરવામાં આવી છે. સરકાર આઈઆરસીઓએન આઈપીઓ મારફતે ૯૯ લાખ શેર અથવા તો ૧૦ ટકા હિસ્સો વેચવાની યોજના ધરાવે છે. આઈઆરએફસી આઈપીઓથી ૧૦૦૦ કરોડ રૂપિયા અને આઈઆરસીઓએનથી ૫૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના તૈયાર કરવામાં આવી ચુકી છે. આ ઉપરાંત ઈન્ડિયન રિન્યુએબલ ડેવલપમેન્ટ એજન્સી, મજગાંવ ડોક શિપયાર્ડ, ગાર્ડન રિસર્ચ દ્વારા પણ સેબી સમક્ષ રજૂઆત કરી દેવામાં આવી છે. વર્તમાન નાણાંકીય વર્ષના પ્રતમ ત્રણ મહિનાના ગાળા દરમિયાન સરકાર દ્વારા ૯૦૦ કરોડ રૂપિયા ઉભા કરવામાં આવ્યા છે. ભારત ૨૨ ઈટીએફ અને આરઆઈટીઈએસમાં હિસ્સેદારી વેચીને સરકારે આ નાણા ઉભા કર્યા છે. સરકાર પીએસયુ ડિસઈન્વેસ્ટમેન્ટથી ૮૦૦૦૦ કરોડ ઉભા કરવા ઈચ્છુક છે.






# આ સપ્તાહે કોમોડિટી બજારમાં ચાંદી હકારાત્મક ચાલ દર્શાવે

*જૂલાઈ ૨૦૧૮ ના બીજા સપ્તાહનું પ્રતિનિધિત્વ સૂર્ય નામે ઓળખાતો ગ્રહ તેમ જ વર્ષ ૨૦૧૮ના વર્ષનું પ્રતિનિધિત્વ ચંદ્ર તરીકે ઓળખવાતો ગ્રહ કરી રહેલ છે.*

*ચંદ્ર અને સૂર્યનું સંયોજન શેર બજારમાં હકારાત્મકચાલ ચાલ લાવી શકે.*

*એકંદરે સમગ્ર શેર બજાર હકારાત્મક ચોમાસાના કારણે મેટલ, બેંકીંગ, એફ એમ સી જી, સિમેન્ટ, ફર્ટિલાઈઝર, સીડસ શેરોમાં રિકવરીની અપેક્ષા રાખે છે.*

**નીચેના શેરોને અવલોકન હેઠળ રાખવો જોઈએ**

**૧- ટીવી ૧૮**
**૨- હિંદ કોપર**
**૩- ટાટા સ્ટીલ**
**૪. સેઈલ**
**૫. બાલાજી ટેલીફિલ્મ લી.**
**૬.મારૂતિ**

*અગાઉના લેખમાં અમે કરેલ આગાહી સાચી પુરવાર થયેલ છે. શેર બજાર ચંચળ જોવા મળ્યું, પરંતુ ભલામણ કરેલ શેરોમાં હલચલ જોવા મળી.*

*આશા છે કે વાચકોએ નાણાકીય જ્યોતિષવિદ્યા અગાઉથી તકનીકી વિશ્લેષણથી ફાયદો મેળવ્યો હોવો જોઈએ.*

**હવે નાણાકીય જ્યોતિષવિદ્યા મુજબ આ સપ્તાહે કોમોડિટી બજારમાં ચાંદી હકારાત્મક ચાલ દર્શાવે.**

*આ સમય છે વેપાર અને રોકાણ કરવાનો, અટકળો કરવા માટેનો સમય નથી.*

*ઉપરોક્ત વિશ્લેષણ નાણાકીય જ્યોતિષવિદ્યા અને મૂળભૂત વિશ્લેષણ પર આધારિત છે.*

*સ્ટોક અને કોમોડિટી ટ્રેડિંગમાં રિસ્ક મેનેજમેન્ટ ફરજિયાત સાધન છે*

### ૧૮ કંપનીઓ દ્વારા જંગી નાણાં ઉભા કરાયા છે

# IPOથી ફંડ મેળવવા માટેનો આંક વધીને ૨૩,૬૭૦ કરોડ

## આ વર્ષ પ્રથમ છ માસના ગાળા દરમિયાન આઈપીઓને લઈને ચિત્ર ગુલાબી રહ્યું છે : અન્ય કંપનીઓ પણ તૈયાર

એજન્સી દ્વારા
નવીદિલ્હી,તા. ૮

બ્લોકબસ્ટર પરફોર્મન્સ વચ્ચે ૧૮થી વધુ કંપનીઓ દ્વારા આ વર્ષના પ્રથમ છ મહિનામાં આઈપીઓ મારફતે ૨૩૬૭૦ કરોડ ઉભા કરવામાં આવી ચુક્યા છે. એક વર્ષઅગાઉના ગાળાની સરખામણીમાં આ રકમ બે ગણી થઈ ગઈ છે. ચિત્ર હજુ પણ ખુબ જ સાનુકુળ દેખાઈ રહ્યું છે. ૨૦૧૮ના બાકીના ગાળા દરમિયાન ચિત્ર આશાસ્પદ દેખાઈ રહ્યું છે. એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ, લોધા ડેવલપમેન્ટ, રેલ વિકાસ નિગમ સહિત ૫૦થી વધુ કંપનીઓ આગામી મહિનાઓમાં આઈપીઓની તૈયારી કરી લેવામાં આવી છે. આ કંપનીઓ પૈકી ૨૮ કંપનીઓને હજુ સુધી તેમના પબ્લિક ઈશ્યુ રજૂ કરવા સેબીની મંજુરી મળી નથી જ્યારે ૧૮ કંપનીઓને રેગ્યુલેટરની મંજુરી પહેલાથી જ મળી ચુકી છે. માર્કેટ રેગ્યુલેટર સેબી પાસે રહેલા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. જાન્યુઆરી-જૂનના ગાળા દરમિયાન આ વર્ષે ૧૮ કંપનીઓ દ્વારા તેમના સંબંધિત આઈપીઓ મારફતે કુલ ૨૩૬૭૦ કરોડ રૂપિયા ઉભા કરવામાં આવી ચુક્યા છે જે વર્ષ ૨૦૧૭ના પ્રથમ છ મહિનાના ગાળામાં ૧૩ ઈશ્યુ દ્વારા ઉભા કરવામાં આવેલા ૧૨૦૦૦ કરોડના આંકડા કરતા ખુબ વધારે છે. સ્ટોક એક્સચેંજ પાસે રહેલા આંકડામાં પણ આ મુજબની વાત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૬ના પ્રથમ છ મહિનાના ગાળામાં ૧૧ કંપનીઓ દ્વારા ૬૯૬૨ કરોડ રૂપિયા ઉભા કરવામાં આવ્યા હતા. સમીક્ષા હેઠળના ગાળા દરમિયાન જે કંપનીઓ દ્વારા ફંડ એકત્રિત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે તેમાં બિઝનેસ ફેલાવવાની યોજના, લોનની ફેર ચુકવણી અને વર્કિંગ કેપિટલ જરૂરિયાતોનો સમાવેશ થાય છે. વધુમાં આઈપીઓ રુટ પસંદ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. બંધન બેંક, હિન્દુસ્તાન એરોનાટિકસ, આઈસીઆઈસીઆઈ સિક્યુરિટી, વેરોક એન્જિનિયરિંગ, ઈન્ડોસ્ટાર કેપિટલ ફાઈનાન્સ, લેમનટ્રી હોટલ સૌથી મોટા આઈપીઓ તરીકે રહ્યા છે. અન્ય સરકારી કંપનીઓમાં ડાયનોમિક્સ, રાઈટ્સ અને મિધાની દ્વારા પણ ફંડ એકત્રિત કરવા માટે આઈપીઓની તૈયારી કરવામાં આવી છે. આઈપીઓ માર્કેટનું કદ સતત વધી રહ્યું છે. નવા નિયમો હેઠળ ઓફર માટે પ્રાઈઝબેન્ડ જાહેર કરવાની માટેની સમય મર્યાદા વર્તમાન પાંચ દિવસના બદલે ઘટાડીને બે દિવસ કરી દેવામાં આવી છે. ભારતમાં આઈપીઓ માર્કેટનું ચિત્ર ગુલાબી દેખાઈ રહ્યું છે.

# મોટા આઈપીઓનું ચિત્ર

૧૮થી વધુ કંપનીઓ દ્વારા આ વર્ષના પ્રથમ છ મહિનામાં આઈપીઓ મારફતે ૨૩૬૭૦ કરોડ ઉભા કરવામાં આવી ચુક્યા છે. એક વર્ષઅગાઉના ગાળાની સરખામણીમાં આ રકમ બે ગણી થઈ ગઈ છે. ચિત્ર હજુ પણ ખુબ જ સાનુકુળ દેખાઈ રહ્યું છે. મોટા આઈપીઓની વાત કરવામાં આવે તો જે કેટલાક આઈપીઓએ જંગી નાણાં ઉભા કર્યા છે તેનું ચિત્ર નીચે મુજબ છે.

| કંપનીઓના નામ | નાણા ઉભા કરાયા |
|---|---|
| બંધન બેંક | ૪૪૭૩ |
| હિન્દુસ્તાન એરોનોટિક્સ | ૪૨૨૯ |
| આઈસીઆઈસીઆઈ સિક્યુરિટી | ૩૫૧૫ |
| વેરોક એન્જિનિયરિંગ | ૧૯૫૫ |
| ઈન્ડોસ્ટાર કેપિટલ | ૧૮૪૪ |
| લેમનટ્રી હોટલ | ૧૦૪૦ |

### ‘મનસે’ની દમદાટીની અસર

# મલ્ટીપ્લેક્સીસમાં હવે ચા, સમોસા, પોપકોર્ન ૫૦ રૂપિયામાં મળશે

## હાલમાં જ મુંબઈ હાઈકોર્ટે પણ સવાલ ઉઠાવ્યો હતો કે મલ્ટીપ્લેક્સીસને પાંચ રૂપિયાની પોપકોર્નનાં ૨૫૦ રૂપિયા ચાર્જ કરવાનો અધિકાર કોણે આપ્યો?

એજન્સી દ્વારા મુંબઈ

મુંબઈ હાઈકોર્ટના આદેશથી પણ જે લોકો ન માન્યા એ રાજ ઠાકરેની રાજકીય પાર્ટી મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ની હાથ આમળવાની સ્ટાઈલથી માની ગયા છે અને એને ઘૂંટણીયે પડી ગયા છે.

મુંબઈના મલ્ટીપ્લેક્સીસના માલિકો એમના થિયેટરોમાં પોપકોર્ન, સમોસાં સહિતની ખાદ્યચીજોનાં ભાવ, જે ૨૦૦-૨૫૦ રૂપિયા લેવામાં આવે છે તે ઘટાડવા માટે સહમત થયા છે.ઉલ્લેખનીય છે કે, હાલમાં જ મુંબઈ હાઈકોર્ટે પણ સવાલ ઉઠાવ્યો હતો કે મલ્ટીપ્લેક્સીસને પાંચ રૂપિયાની પોપકોર્નનાં ૨૫૦ રૂપિયા ચાર્જ કરવાનો અધિકાર કોણે આપ્યો?

કોર્ટના નિર્દેશની પણ અવગણના કરીને મલ્ટીપ્લેક્સીસના માલિકોએ ખાદ્યપદાર્થોનાં ઊંચા ભાવ ચાર્જ કરવાનું ચાલુ રાખ્યું હતું. છેવટે, પુણે અને મુંબઈમાં મનસેના કાર્યકર્તાઓએ અમુક મલ્ટીપ્લેક્સમાં જઈને એમની તાકાતનો પરચો બતાવ્યો હતો. પુણેમાં, પીવીઆર સિનેમા ખાતે મનસેના કાર્યકર્તાઓએ પહોંચીને ત્યાંના મેનેજર પર થપ્પડોનો વરસાદ વરસાવ્યો હતો.મલ્ટીપ્લેક્સીસના માલિકો શનિવારે મુંબઈમાં રાજ ઠાકરેને દાદરસ્થિત એમના નિવાસસ્થાન ‘કૃષ્ણકુંજ’ ખાતે મળ્યા હતા અને એમને આશ્વાસન આપ્યું હતું કે એમના થિયેટરોમાં ચા, કોફી, બટેટાવડા, સમોસા, પોપકોર્ન જેવા ખાદ્યપદાર્થો અને પીવાના પાણીની બોટલ્સ ૫૦ રૂપિયે વેચવામાં આવશે.મનસે પાર્ટીએ એમને જણાવી દીધું છે કે આ ખાતરીનો બે-ત્રણ દિવસમાં અમલ નહીં કરાય તો પાર્ટી ફરીથી આંદોલન કરશે.રાજ ઠાકરે અને મલ્ટીપ્લેક્સીસના માલિકો સાથેની બેઠકમાં મહારાષ્ટ્ર નવનિર્માણ ચિત્રપટ કર્મચારી સેનાના અધ્યક્ષ અમેય ખોપકર, કાર્યકારી અધ્યક્ષા શાલિની ઠાકરે, પુણેમાં આંદોલનની આગેવાની લેનાર કિશોર શિંદે પણ ઉપસ્થિત હતા.પુણેમાં મનસે પાર્ટીના નેતા કિશોર શિંદે તથા અન્ય કાર્યકર્તાઓ પીવીઆર થિયેટરમાં ગયા હતા અને પોપકોર્ન સહિતની ચીજોના ભાવ ઘટાડવા વિશે કહ્યું હતું. શિંદેએ થિયેટરના મેનેજરને કહ્યું કે મુંબઈ હાઈકોર્ટે પોપકોર્ન સહિતની ચીજોનાં ભાવ ઘટાડવા કહ્યું છે, તો થિયેટરના મેનેજરે કહ્યું કે એને મરાઠી વાંચતા નથી આવડતું, એટલે શિંદે તથા એમના સાથીઓએ મેનેજરને ‘મનસે સ્ટાઈલમાં’ સમજાવ્યું હતું, એટલે કે એની મારપીટ કરી હતી.


ISO 9001:2015 CERTIFIED

ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ

Stock Market Trading Consultancy

www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808


**તા. ૦૯.૦૭.૨૦૧૮ થી ૧૩.૦૭.૨૦૧૮ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....**

**નિફ્ટી ફ્યુચર સાપ્તાહિક રેન્જ ૧૦૬૮૮ થી ૧૦૮૧૮ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

- **નિફ્ટી ફ્યુચર બંધ :- ( ૧૦૭૭૩ ) :-**
  *આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૭૧૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૬૮૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૮૦૮ પોઈન્ટથી ૧૦૮૧૮ પોઈન્ટ, ૧૦૮૩૦ પોઈન્ટની અતિ મહત્વની નીચી સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૮૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!*
- **બેક્ક નિફ્ટી ફ્યુચર બંધ :- ( ૨૬૪૮૫ ) :-**
  *આગામી વધઘટે સંભવિત બેક્ક નિફ્ટી ફ્યુચર ૨૬૨૬૦ પોઈન્ટના પ્રથમ અને ૨૬૦૨૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૬૫૦૫ પોઈન્ટથી ૨૬૫૭૫ પોઈન્ટ, ૨૬૬૦૬ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!*

**હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....**

**૧) જિન્દાલ પોલિ ( ૨૪૦ )** *:- જિન્દાલ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૨૬ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૦૯ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૫૭ થી રૂ.૨૬૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૬૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!*

**૨) RPP ઈન્ફ્રા લિ. ( ૨૦૮ )** *:- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૯૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૯૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૨૨૧ થી રૂ.૨૨૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!*

**૩) બીગબ્લોક કન્સ્ટ્રકશન ( ૮૦ )** *:- રૂ.૭૪ નો પ્રથમ તેમજ રૂ.૬૭ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૮૮ થી રૂ.૯૨ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!*

**૪) યશ પેપર્સ ( ૭૨ )** *:- પેપર સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૮૧ થી રૂ.૮૮ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૬૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!*

**૫) બોમ્બે ડાઈંગ ( ૨૦૩ )** *:- રૂ.૧૯૬ નો પ્રથમ તેમજ રૂ.૧૮૭ ના સ્ટોગ સપોર્ટથી ટેક્ષટાઈલ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૨૨૩ થી રૂ.૨૩૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!*

**૬) ભારત એગ્રી ફર્ટી ( ૧૬૦ )** *:- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૧૪૭ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૧૭૪ થી રૂ.૧૮૮ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!*

**૭) મીરા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ( ૨૦૬ )** *:- આ સ્કીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૯૦ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૨૨૧ થી રૂ.૨૩૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!*

**૮) બાલકૃષ્ણ પેપર ( ૬૮ )** *:- ટેકનીકલ ચાર્ટ મુજબ પેકેજીંગ સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૧ આસપાસ રોકાણકારે રૂ.૭૪ થી રૂ.૮૧ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૫૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!*

**ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!**

# ટ્યુશનિયા શિક્ષકો સામે કડક પગલા ભરવા હાઈકોર્ટમાં પીઆઈએલ

- ટ્યુશન અધિનિયમન ૨૦૦૨નું સખ્તાઈથી પાલન કરાવવા કોર્ટને વિનંતી
- ખાનગી ટ્યુશન ચલાવતા શિક્ષકો ઉપર અંકુશ લાવવા માગ કરાઈ
- શિક્ષણ વિભાગની રહેમનજર હેઠળ ખાનગી ટ્યુશનની બેરોકટોક કામગીરી

પ્રતીનિધિ દ્વારા અમદાવાદ, ૭ જુલાઈ, ૨૦૧૮ – સરકારી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓના મોટો પગાર લેતાં શિક્ષકો દ્વારા ગુજરાત સરકારના ટ્યુશન અધિનિયમન ૨૦૦૨નું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરીને બેરોકટોક ટ્યુશન ચલાવાઈ રહ્યાં છે તેવાં સંજોગોમાં વિદ્યાર્થીઓને અન્યાય થતાં રોકવા માટે ફેડરેશન ઓફ એકેડેમીક એસોસિયેશન ઓફ ગુજરાતના સહયોગથી હેમાંગ રાવલ દ્વારા એડવોકેટ સુરજ શુક્લા મારફતે ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી (પીઆઈએલ) દાખલ કરવામાં આવી છે.

૨૦૦૨ના ટ્યુશન અધિનિયમન મૂજબ સરકારી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો પ્રાઈવેટ ટ્યુશન કરાવી શકે નહી, પરંતુ આ અધિનિયમનનો ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યો છે અને શિક્ષકો સરકારી તંત્રના ડર વિના બેફામ ટ્યુશન ચલાવીને જંગી ફી વસૂલી રહ્યાં છે. વિશેષ કરીને ધોરણ ૧૦ બોર્ડની પરિક્ષામાં ૭૦ માર્ક્સની ગણતરીમાં લેવાય છે તથા બાકીના ૩૦ માર્ક્સ શાળા દ્વારા મૂકવામાં આવે છે. શિક્ષકો આનો ગેરલાભ ઉઠાવીને વિદ્યાર્થીઓને તેમના ટ્યુશનમાં આવવા દબાણ કરે છે અને ટ્યુશનમાં ન આવતાં વિદ્યાર્થીઓને ઓછા માર્ક્સ આપવાની અથવા નાપાસ કરવાની ધમકી આપે છે. એવાં ઘણાં કિસ્સા પ્રકાશમાં આવ્યાં છે કે જેમાં ૭૦માંથી ૭૦ માર્ક્સ મેળવનાર વિદ્યાર્થી ઈન્ટર્નલમાં ઓછા ગુણ મેળવ્યા હોય. આ ૩૦ માર્ક્સના નિયમથી સંચાલકો અને શિક્ષકો વિદ્યાર્થીઓ અને માતા-પિતાને બ્લેકમેઈલ કરી રહ્યા છે.

આ મુદ્દે પીઆઈએલ કરનાર હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, મોટી સંખ્યામાં સરકારી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો ખાનગી ટ્યુશન ચલાવીને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરી રહ્યાં છે. શિક્ષકો અને તંત્રની મીલીભગતને કારણે શિક્ષણ હવે વ્યવસાય બની ગયો છે તથા વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતાને બ્લેકમેઈલ કરવામાં આવે છે, જેના કારણે ઘણાં વિદ્યાર્થીઓની કારકિર્દીને નુકશાન થઈ રહ્યું છે. આ સ્થિતિમાં ખાસ કરીને ધોરણ ૧૦માં ૩૦ ઈન્ટર્નલ માર્ક્સની




સત્તામંડળ દ્વારા અસરકારક કાર્યવાહી ન થતાં આખરે હાઈકોર્ટમાં પીઆઈએલ કરવામાં આવી છે.

ફેડરેશન ઓફ એકેડેમીક

વ્યવસ્થાની સમીક્ષા થાય તે જરૂરી છે. આ ઉપરાંત સરકાર ખાનગી ટ્યુશન ચલાવતા સરકારી શિક્ષકો સામે કડક પગલાં ભરાય તેવી અમારી માગ છે.

મહત્વપૂર્ણ છે કે આ અંગે ગુજરાતના મુખ્યપ્રધાન, નાયબ મુખ્ય પ્રધાન, ગુજરાતના શિક્ષણ પ્રધાન, રાજ્યપાલ, પીએમઓ, માનવસંસાધન મંત્રાલય, ડીઈઓ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, શાળા કમીશનરની કચેરી, અમદાવાદના કલેક્ટરને વારંવાર આવેદન સોંપીને આ મુદ્દે કડક પગલા ભરવા વિનંતી કરાઈ છે, પરંતુ કોઈપણ વિભાગ અથવા સક્ષમ

એસોસિયેશન સાથે અમદાવાદ એજ્યુકેશન ગ્રુપ, બરોડો એકેડેમીક એસોસિયેશન, મહેસાણા એકેડેમીક એસોસિયેશન, સુરત એકેડેમીક એસોસિયેશન, ભાવનગર એકેડેમીક એસોસિયેશન એમ ગુજરાતના વિવિધ શહેરોના સંગઠનો સંકળાયેલા છે અને તેના ૧૦૦૦થી વધુ સક્રિય સભ્યો છે અને એક લાખથી વધુ વિદ્યાર્થીઓ સંકળાયેલા છે. સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓ માટે સેમીનાર, સારું પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓનું સન્માન, સૈનિકો માટે ભંડોળ સહિતની ઉમદા કામગીરી કરવામાં આવે છે.

# બ્રહ્મઅગ્રણી યગ્નેશભાઈ દવે ના જન્મદિવસ ની અનોખી રીતે ઉજવણી..



બ્રહ્મવિકાસ આયોગ ગુજરાત ના કન્વીનર તેમજ સમસ્ત બ્રહ્મસમાજ ના મહામંત્રી,સામાજિક અગ્રણી યગ્નેશભાઈ દવે ના જન્મદિવસ નિમિતે પરશુરામ દલ અરવલ્લી તેમજ હિન્દૂ યુવા વાહીની ના કાર્યકરો દ્વારા જરૂરતમંદ બાળકો ને ફ્રુટ તેમજ બિસ્કિટ વિતરણ કરવા માં આવ્યું હતું,તેમજ બાળકો ના ચહેરા ના સ્મિત સાથે યગ્નેશભાઈ ના જન્મદિવસ ની ઉજવણી કરવા માં આવી હતી જે પ્રસંગે યુવા અધ્યક્ષ હર્ષ પંડયા,ગુંજ ગોર,ખીલન ઉપાધ્યાય, રાજનભાઈ તેમજ નરેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા,અને પ્રભુ મહાદેવ પાસે યગ્નેશભાઈ દવે ના સારા સ્વાસ્થ્ય માટે ની પ્રાર્થના કરી હતી ...

# મુખ્યમંત્રીશ્રી સ્ટેચ્યુ ઓફ યુનિટી-સરદાર સાહેબની વિરાટતમ પ્રતિમાના નિર્માણ કાર્યની મુલાકાતે

**આગામી સરદાર સાહેબની જન્મજયંતિએ આ પ્રતિમાનું લોકાર્પણ પ્રધાન મંત્રીશ્રીના હસ્તે કરાવવાની દિશામાં રાજ્ય સરકાર ઝડપ ભેર આગળ વધી રહી છે**

માહિતિ બ્યુરો તા. ૮.૭ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સરદાર સરોવર બંધ કેવડિયાના સાધુબેટ ખાતે નિર્માણાધિન સરદાર પટેલની વિશ્વની વિરાટતમ



પ્રતિમાના નિર્માણ કાર્યની નિરીક્ષણ મુલાકાત લઈને જણાવ્યું કે, આગામી તા. ૩૧ મી ઓક્ટોબર સરદાર સાહેબની જન્મજયંતિએ આ પ્રતિમાનું લોકાર્પણ પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરાવવાની દિશામાં રાજ્ય સરકાર ઝડપ ભેર આગળ વધી રહી છે. તેમણે કહ્યું કે વડાપ્રધાનશ્રીએ સરદાર સાહેબની વિરાટતાને વૈશ્વિક ઊંચાઈ આપવા સેવેલું સ્વપ્ન તેમના જ હસ્તે લોકાર્પણ દ્વારા ગુજરાત સાકાર કરશે..

શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સ્ટેચ્યુની સાઈટ વિઝીટ કરીને સંપૂર્ણ કામગીરી બારીકાઈથી નિહાળી હતી. તેમણે કહ્યું કે, આ પ્રતિમા નિર્માણમાં ૯૦ હજાર મેટ્રીકટન સિમેન્ટ ૨૫ હજાર મેટ્રીક ટન લોખંડ ઉપયોગમાં લેવાઈ રહ્યું છે. ૨૫૦ જેટલા ઈજનેરો આ પ્રતિમા નિર્માણના કામમાં યોગદાન આપે છે. તેઓશ્રીએ વધુમાંજણાવ્યું હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ૮૦ ટકા નિર્માણ કાર્ય સંપન્ન થયું છે. કોંક્રિટની કામગીરી બાદ બે તબક્કામાં ઝડપભેર પ્રતિમાના નિર્માણને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પ્રતિમાના નિર્માણથી કેવડિયા સ્થિત સરદાર સરોવર દુનિયાના મહત્વના પ્રવાસધામ રૂપે વિકાસ પામશે એમ તેમણે ગર્વભેર કહ્યું હતું. સરદાર સાહેબનું જીવન કવન રાજનીતિથી પર હતું. તેઓ આપણી યુવા પેઢી અને આવનારી પેઢીઓને યુગો સુધી પ્રેરણા આપતા રહેશે. આ પ્રતિમા વિશ્વભરના પ્રવાસીઓનું આકર્ષણ કેન્દ્ર બની રહે તેવી વર્લ્ડ ક્લાસ પ્રવાસન સુવિધાઓ અહીં વિકસાવવાની નેમ છે. ટ્રાયબલ મ્યુઝિયમ, મનોરમ્ય ગાર્ડન, બોટિંગ સહિતની સુવિધા વિકસાવી આ સ્થળને ટુરિસ્ટ ડેસ્ટિનેશન બનાવવાની ભૂમિકા પણ તેમણે આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે, સરદાર સાહેબે રાષ્ટ્રની એકત્તા અખંડિતતા માટે આપેલા મહત્વપૂર્ણ પ્રદાનનું આ વિશ્વની સૌથી ઊંચી સરદાર સાહેબની પ્રતિમાના નિર્માણથી આપણે યથોચીત સન્માન કરી સરદાર સાહેબના કાર્યોને સદાકાળ પ્રેરણાદાયી બનાવવા છે.

સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, શ્રી શબ્દશરણભાઈ તડવી, અગ્રણી શ્રી ભરતસિંહ પરમાર ઉપરાંત મુખ્ય સચિવ ડો. જે. એન. સિંહ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન સરદાર સરોવર નિગમના અધ્યક્ષ શ્રી એસ. એસ. રાઠોર અને નિગમના વરિષ્ઠ ઈજનેરો તેમજ જિલ્લાના કલેક્ટર, ડી.ડી.ઓ. આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય સંયુક્ત મહામંત્રી શ્રી સુરેન્દ્ર જૈન અમદાવાદના મહેમાન

પ્રતિનિધિ દ્વારાઅમદાવાદમાં વિશ્વ સંવાદ કેન્દ્ર ખાતે પત્રકાર પરિષદ સંબોધતા તેઓએ જણાવ્યું હતું કે વિશ્વ હિન્દુ પરિષદની ગત રાષ્ટ્રીય કાર્યકારીણી તારીખ ૨૪ અને ૨૫ જુને મળી હતી. આ કાર્યકારીણીમાં મુખ્યત્વે બે પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યા હતા.

પ્રથમ પ્રસ્તાવ મુજબ દેશની તમામ રાજ્ય સરકારોને ગૌ સંરક્ષણ અને સંવર્ધન મંત્રાલયની સ્થાપના કરવાનું આવ્હાન કરવામાં આવ્યું હતું. વિશ્વ હિન્દુ પરિષદે રાજ્ય સરકારો ધ્વારા સ્થાપવામાં આવનાર આ મંત્રાલયોને પોતાના ધ્વારા પ્રતિપાદિત કરવામાં આવેલ 'પંચગવ્ય', સંશોધન અને ગૌ સંવર્ધનને લગતું જ્ઞાન પણ પુરું પાડવાની ભાવના વ્યક્ત કરવામાં




આવી હતી.

બીજો પ્રસ્તાવ ભારતમાંથી રોહીન્ગ્યા મુસલમાનોને હાંકી કાઢવા અંગેનો કરવામાં આવ્યો હતો. માનનીય શ્રી સુરેન્દ્ર જૈને સ્પષ્ટ કહ્યું હતું કે રોહીન્ગ્યા મુસલમાનોને કોઈના રાખે તો હિન્દ મહાસાગરમાં પડે, પણ આ હિન્દુ ભૂમિપર આ જેહાદી મુસલમાનોનું કોઈ સ્થાન નથી. આ સાથે મ્યાનમારમાંથી બાંગ્લાદેશમાં શરણાર્થી કેમ્પમાં રહેતા ૪૬૩ હિંદુ પરિવારો પણ આ જેહાદી મુસલમાનોના અત્યાચારોનો ભોગ બની રહ્યા છે તેમને તુરંત બર્મા સરકાર સાથે વાતચીત કરી પુનર્વસન કરાવાવની વાત કરી હતી.

રામજન્મભૂમિ અંગે ચર્ચા કરતા તેઓએ જણાવ્યું હતું કે પૂર્વમાં આ સંદર્ભે કેટલાક પ્રસ્તાવો પસાર થયા છે અને આ કાર્યકારીણીમાં પણ તેની ચર્ચા કરવામાં આવી છે. રામ મંદિર અંગે કાયદો બનાવવા બાબતે તેઓએ કહ્યું હતું કે જ્યારે રામ મંદિર અંગેનો કેસ સુપ્રીમ કોર્ટમાં સુનાવણીના અંતિમ તબક્કામાં છે ત્યારે અત્યારે સરકાર પર સંસદમાં કાયદો બનાવવા દબાણ કરવાનો યોગ્ય સમય નથી.તેઓએ ધ્યાન દોરતા જણાવ્યું હતું કે આ સમયે જો કાયદો બનાવવામાં આવે તો પણ તે સુપ્રીમ કોર્ટને આધીન રહે જેથી અત્યારે ઝડપી સુનાવણી માટે પ્રયત્નો કરવા જોઈએ નહી કે સંસદમાં કાયદો બનાવવા અંગે. આ સાથે તેમણે ઉમેર્યું હતું કે જો ઓગસ્ટ સુધીમાં આ બાબતે યોગ્ય નિર્ણય નહી આવે તો વિશ્વ હિન્દુ પરિષદ પૂજ્ય સંતો સાથે ચર્ચા કરી સંતોનો આદેશ હશે તો દેશભરમાં આંદોલન કરતા પણ નહી ખચકાય. આ સાથે આ મામલે કોર્ટમાં ઝડપી સુનાવણીમાં વિલંબ ઉભો કરતા જેહાદી તત્વો, માઓવાદીઓ અને કોંગ્રેસીઓને તેઓએ ચેતવણી પણ આપી હતી.

## ઈન્દ્રનીલ-કોંગ્રેસના સમર્થકોની મંથન બેઠક યોજાઈ

# ઈન્દ્રનીલને કોંગીમાં ફરીથી લાવવાનો તખ્તો તૈયાર થયો

**ઈન્દ્રનીલની ઘરવાપસીને લઈ અનેક અટકળો : ભાજપ પણ પોતાની રાજકીય વ્યૂહરચના ઘડવામાં વ્યસ્ત**

એજન્સી દ્વારા

અમદાવાદ, તા.૮

૨૦૧૯ની લોકસભા ચૂંટણી ભાજપ અને કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો સવાલ છે ત્યારે ગુજરાતમાં પણ રાજકારણની કશ્મકશ લડાઇ છેલ્લા કેટલાક દિવસોથી જોવા મળી રહી છે. તાજેતરમાં જ કોંગ્રેસના દિગ્ગજ નેતા કુંવરજી બાવળિયાએ કોંગ્રેસ પક્ષ સાથે છેડો ફાડી ભાજપમાં જોડાઇ માત્ર ચાર કલાકમાં જ કેબિનેટ મીનીસ્ટરનું પદ હાંસલ કરી લીધુ, ત્યારબાદ કોંગ્રેસના વધુ એક દિગ્ગજ નેતા વિક્રમ માડમની નારાજગી અને રાજકોટના કોંગ્રેસના મોટા ગજાના નેતા મનાતા ઈન્દ્રનીલ રાજયગરૂના રાજીનામા આપવાની ઘટનાઓ બાદ ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. આ તમામ ઘટનાઓમાં કોંગ્રેસ બેકફુટ પર આવી જતાં હવે લોકસભાની ચૂંટણી પહેલા સ્થિતિ વધુ વણસે તે પહેલાં કોંગ્રેસ ડેમેજ કંટ્રોલમાં પડી છે તો, ભાજપ પણ પોતાની રાજકીય વ્યૂહરચના ઘડવામાં વ્યવસ્ત બન્યું છે. ત્યારે આજે ઈન્દ્રનીલ રાજયગુરૂને હવે કોંગ્રેસપક્ષમાં ફરીથી લાવવાનો તખ્તો ગોઠવાઇ રહ્યો હોય તેવું ચિત્ર આજે



સામે આવ્યું હતું. રાજકોટની એક ખાનગી હોટલમાં આજે ઈન્દ્રનીલ રાજયગુરૂ, તેમના સમર્થકો, સમાજના લોકો અને કોંગ્રેસમાં માનનારા લોકોની એક મહત્વની બેઠક યોજાઇ હતી. જેમાં ખૂબ મોટી સંખ્યામાં આગેવાનો અને સ્થાનિક અગ્રણીઓ હાજર રહ્યા હતા. બેઠકમાં મુખ્ય મુદ્દો ઈન્દ્રનીલ રાજયગુરૂની ઘરવાપસીનો હતો. ઈન્દ્રનીલના હિતેચ્છુ અને સમાજના લોકોએ એક સૂરે પોતાનો અભિપ્રાય વ્યકત કર્યો હતો કે, ઈન્દ્રનીલે કોંગ્રેસમાં ફરી પરત જઇને જાહેરજીવનમાં સક્રિય બનવું પડશે. તો જ સમાજ અને જાહેરજનતાના કાર્યો અસરકારકતાથી થઇ શકશે. એટલું જ નહી, સાથે સાથે કોંગ્રેસ પક્ષ અને સ્થાનિક સંગઠનનું માળખું પણ એટલું જ મજબૂત બનશે. બેઠકમાં હાજર મહાનુભાવો અને આગેવાનો દ્વારા ઈન્દ્રનીલ રાજયગુરૂના કોંગ્રેસમાં ઘરવાપસીને લઇ કલાકો સુધી મનોમંથન ચાલ્યું હતું. સૌકોઇએ પોતાના મત વ્યકત કર્યા હતા અને કેટલાક સૂચનો પણ થયા હતા. બેઠકમાં ભાજચપ છોડી કોંગ્રેસમાં ટેકો આપનાર રાજભા ઝાલાની હાજરી જણાઇ હતી. ઈન્દ્રનીલ રાજયગુરૂ પોતે હાલ વિદેશ પ્રવાસે છે ત્યારે તેમની ગેરહાજરીમાં મળેલી આજની બેઠકે ઘણા મહત્વના સંકેત આપી દીધા હતા.

**રાજકોટનાં દિગ્ગજ નેતા ઈન્દ્રનીલને રાહુલ જાતે મનાવશે ઈન્દ્રનીલના રાજીનામાં પછી તરત જ કુવરજીભાઇ ભાજપમાં જોડાતા રાજકોટ કોંગ્રેસની હાલત દયનીય બની ગઈ**

# સુરતમાં દારૂનાં અડ્ડાઓ પર જનતા રેડ કરવાની જિજ્ઞેશની જાહેરાત

**એજન્સી દ્વારા સુરત**

ગુજરાતની વડગામ બેઠકથી અપક્ષ ધારાસભ્ય અને દલિત નેતા જિગ્નેશ મેવાણી રવિવારે સુરત આવ્યા છે. મેવાણીએ રિંગરોડ ખાતે દલિત સમાજને કરેલા સંબોધનમાં કહ્યું હતું કે સુરતમાં દારૂના અડ્ડાના મને સરનામા આપો, તે અડ્ડા સાંજ સુધીમાં બંધ થઇ જશે. સુરતમાં પણ દારૂના અડ્ડાઓ પર જનતા રેડ શરૂ કરવામાં આવશે. સ્ફોટક નિવેદન માટે જાણીતા મેવાણીએ એવા આક્ષેપ કર્યા હતા કે રાજ્યમાં દારૂના હપ્તા છેક ઉપર સુધી પહોંચે છે.રિંગરોડ ખાતે ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને મેવાણીએ ફૂલહાર ચઢાવ્યા હતા. મોટી સંખ્યામાં દલિત સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત યુવા આંબેડકરી સમાજ અને સમતા સૈનિક દળના આમંત્રણને માન આપીને જિગ્નેશ મેવાણી રવિવારે સુરત આવ્યા છે. તેમણે કહ્યું હતું કે હવે હું સુરત આવી ગયો છું એટલે સુરતમાં પણ દારૂના અડ્ડા પર જનતા રેડ કરવામાં આવશે,ખાલી મને સુરતમાં દારૂના અડ્ડાના સરનામા આપો સાંજ સુધીમાં બધા અડ્ડા બંધ કરાવી દઈશ.મેવાણીએ પોતાની આક્રમક સ્ટાઈલમાં ભાષણ આપતા વધુમાં કહ્યું હતું કે બુટલેગરો હવે સુરતમાં દારૂ વેચવાની હિંમત નહીં કરે. દારૂના દૂષણ અંગે મેવાણીએ ગંભીર આક્ષેપ કરતા કહ્યું હતું કે રાજ્યમાં દારૂનો ધંધો એટલા માટે જોરમાં ચાલે છે કારણે કે દારૂના હપ્તા છેક ઉપર સુધી પહોંચે છે. મેવાણીએ કહ્યું હતું કે હાર્દિક, અલ્પેશ અને જિગ્નેશનું નામ સતત ગુંજતુ રહેવાને કારણે મુખ્યમંત્રીને ઈર્ષા થઈ રહી છે.

# અમદાવાદ: પાટીદાર શહીદ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો ઉમટયા

**ડીજેના તાલે પાટીદારો મોટી સંખ્યામાં પાટીદાર આંદોલનમાં શહીદ થયેલા મૃતકોની યાદમાં યોજેલી શહીદયાત્રામાં જોડાયા**

**પ્રતિનિધિ દ્વારા, અમદાવાદ**

ઊંઝાના ઉમિયા ધામથી પાટીદાર શહીદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહીદ યાત્રા આજે સાણંદથી શરૂ થઈ હતી અને અમદાવાદમાં પ્રવેશી હતી. ડીજેના તાલે પાટીદારો મોટી સંખ્યામાં પાટીદાર આંદોલનમાં શહીદ થયેલા મૃતકોની યાદમાં યોજેલી શહીદયાત્રામાં જોડાયા હતા.

શહીદયાત્રામાં મા ઉમા, ખોડલ, સરદાર પટેલ અને શહીદોની પ્રતિમા સાથે ૩૪ દિવસમાં રાજ્ય ભરમાં ૪૦૦૦ કિ.મી.ની યાત્રા ખેડી કાગવડના ખોડલધામ પહોંચશે. જે અંતર્ગત પાટીદાર શહીદ યાત્રા ૮ જુલાઇ રવિવારે અમદાવાદ આવી પહોંચી હતી.

શહીદયાત્રા પ્રસ્તાવિત સમય કરતાં ૨ કલાક મોડી અમદાવાદમાં પ્રવેશી હતી.પાટીદાર અનામત આંદોલન દરમિયાન અવસાન પામેલા પાટીદારોને ન્યાય અપાવવા ૨૪ જૂનના રોજ મહેસાણાના ઊંઝાના ઉમિયા ધામથી પાટીદાર શહીદયાત્રા શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ ઉત્તરગુજરાતના વડાલી, હિમ્મતનગર, પાલનપુર અને પાટણ થઈ આ યાત્રા ૧ જુલાઇને સુરત પહોંચી હતી. જ્યાં આ યાત્રા પર કેટલાક શખ્સો દ્વારા હુમલો પણ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આ યાત્રા ૩ જુલાઈને રાજપીપળા ખાતે પહોંચી હતી પરંતુ સુરતમાં યાત્રા પર હુમલા બાદ પણ પોલીસે સુરક્ષા પુરી પાડી ન હોવાના આક્ષેપ સાથે યાત્રાને રાજપીપળામાં જ સ્થગિત કરી દેવામાં આવી હતી. જ્યારે ૮ જુલાઈને રવિવારે શહીદયાત્રા અમદાવાદ ખાતે આવી પહોંચી હતી અને અમદાવાદના વિવિધ વિસ્તારોના પાટીદાર આગેવાનો શહીદયાત્રામાં જોડાયા હતા

## પાટીદાર અનામત આંદોલન

# હાર્દિક ૨૫ ઓગસ્ટથી ઉતરશે આમરણાંત ઉપવાસ પર

**૨૫ ઓગસ્ટ પહેલાં જો મને કોઈ કેસમાં જેલમાં મોકલાશે તો હું જેલમાં આમરણાંત ઉપવાસ કરી લઈશ**

**એજન્સી દ્વારા**

**અમદાવાદ**



પાટીદાર સમાજ દ્વારા સાણંદથી વટવા વિસ્તાર સુધી શહીદ યાત્રાનું આયોજન કરાયું છે. ત્યારે હાર્દિકે સોશિયલ મીડિયા પર એવી જાહેરાત કરી હતી કે તેઓ પોતે ૨૫ ઓગસ્ટથી પોતે પાટીદારને અનામત આપોની માંગ સાથે આમરણાંત ઉપવાસ પર ઉતરશે. પાટીદાર સમાજ હવે લડી લેવાનાં મુંડમાં છે એવી જાહેરાત કરતા આરમણાંત ઉપવાસ પર ઉતરવાની હાર્દિકે વાત કરી છે.

હાર્દિક પટેલે આ મુદ્દે પ્રેસ કોન્ફરન્સ કરતા કહ્યું કે, અમે ૨૫ ઓગસ્ટથી શરૂઆત કરીશું. અમારે અમારો જીવ સમાજ માટે આપી દેવો જોઈએ. સરકાર નહીં માને તો રોજ સમાજનો યુવક મુંડન પણ કરાવશે. મારા ઉપવાસ આમરણાંત જ હશે. અનામતને લઈને હવે અમે સરકારને જગાડીશું.બિનઅનામત સમાજ માટે પણ સરકાર કોઈ જાહેરાત કરે. બંધારણીય રીતે જાહેરાત કરવી જોઈએ. છેલ્લાં ચાર પાંચ દિવસથી અલ્પેશની લડાઈમાં સાથ આપ્યો છે.

અલ્પેશ અને જીજ્ઞેશ પણ હવે સાથે રહેશે. આ લડાઈ એ હવે આરપારની લડાઈ રહેશે. સરકારે વાત કરવી હશે તો પણ ત્યાં આવીને કરવી પડશે.

અમે સરકાર સાથે વાત નહીં કરીએ. સરકાર જૂના કેસમાં જેલમાં મોકલશે તો ત્યાં પણ લડાઈ શરૂ રહેશે. અત્યાર સુધી સરદાર પટેલનાં રસ્તે ચાલ્યાં અને હવે ગાંધીનાં માર્ગે ચાલીશું. સરકાર ગાંધીની વાતો કરે છે અમે પણ તેમ કરીશું. જે ભાજપમાં ગયાં તે પણ ગાંધીનગરનો ઠપકો ન મળે તો આવી શકે.

અમરણાંત ઉપવાસમાં અન્નનો ત્યાગ કરીશ. અલગ-અલગ રાજ્યનાં લોકો પણ આંદોલનમાં જોડાશે. સરકાર મારા પર બીજા ગુના લગાવવાનો પ્રયત્ન જરૂરથી કરશે.હવે બદનામ કરવાનું સરકાર પાસે કંઈ જ નથી. મારા તેવર ક્યારેય નહીં બદલાય. અમે રાહુલ ગાંધીને પણ આરક્ષણને લઈને વાત કરી છે.

૨૫ ઓગસ્ટ પહેલાં જો મને કોઈ કેસમાં જેલમાં મોકલાશે તો હું જેલમાં આમરણાંત ઉપવાસ કરી લઈશ. બિન અનામતમાં આવતાં સમાજોને પણ હવે અમે આંદોલનમાં જોડીશું. અત્યાર સુધી જે કર્યું એ અમારી આક્રમકતા હતી.

# વડોદરાઃ ૧૪ લાખ રૂપિયાની શંકાસ્પદ ચલણી નોટો સાથે એક આરોપીની ધરપકડ

**એજન્સી દ્વારા વડોદરા**

વરણામા પોલીસે વડદલા ગામ પાસેથી ૧૪ લાખ રૂપિયાની શંકાસ્પદ ચલણી નોટો સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. જેમાં ૫૦૦, ૧૦૦, ૨૦ અને ૧૦ના દરની નોટોનો સમાવેશ થાય છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે વડોદરા નજીક આવેલા વડદલા ગામ પાસે બાતમીને આધારે કારચાલકને રોક્યો હતો. કારમાં તપાસ કરતા ૫૦૦, ૧૦૦, ૨૦ અને ૧૦ના દરની નોટોનો મળી આવી હતી. જેની ગણતરી કરતા આ રકમ ૧૪ લાખ રૂપિયા હતી.

ચલણી નોટો બાબતે કારચાલક સુભાષસિંહ ઉર્ફે બંટી સંતોષસિંહ રાજપૂત (ઉ.વ.૨૮)ને પૂછતા તેને સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેથી પોલીસે

**પકડાયેલો શખ્સ ચલણી નોટો ક્યાં લઈને જતો હતો તે અંગે પોલીસે તપાસ હાથ ધરી**

મૂળ ઝારખંડના અને મધ્યપ્રદેશના ઠીકરીમાં રહેતા સુભાષસિંહની ધરપકડ કરી હતી અને ૧૪ લાખ રૂપિયાની ચલણી નોટો જપ્ત કરી લીધી હતી.

પોલીસે હવે આરોપીની સઘન પૂછપરછ શરૂ કરી છે. અને આટલી મોટી રકમ ક્યાં પહોંચાડવાની હતી તે અંગે તપાસ હાથ ધરી છે.

રૂપિયા ૨૦૦૦ અને ૫૦૦ની નકલી નોટો વટવાના રેકેટની પોલીસને આશંકા છે. આ ઉપરાંત મધ્યપ્રદેશ અને ગુજરાત વચ્ચે ચોક્કસ ગેગ દ્વારા અસલી ચલણ લઈને નકલી ચલણ આપવાના રેકેટની પણ આશંકા છે. જેથી પોલીસે આ દિશામાં પણ તપાસ હાથ ધરી છે.